# વિભાગ ૩

# તત્ત્વચિંતક તરીકે 'સાગર'


પ્ર-૧ અજ્ઞાત અનુભવની સૈદ્ધાંતિક સમાલોચના

પ્ર-૨ સૂફી વિચારધારા

પ્ર-૩ 'સાગર'નું તાત્ત્વિક દર્શન

પ્ર-૪ 'સાગર'ની ઐહિક વિચાર

Chap-1

# પ્રકરણ ૧

# અગાઉ થયેલા અભ્યાસોની સંક્ષિપ્ત સમાલોચના

# વિભાગ. ૩

# તત્ત્વચિંતક તરીકે 'સાગર'

## વિભાગ- ૩

### પ્રકરણ ૧

### અજાત અનુભવની સૈધ્ધાંતિક સમાલોચના

શ્રી."સાગરે" પોતે જ કહ્યું છે કે:"સાગર અજાતવાદી છે. એટલે પરમાત્મવાદી છે, અને બધા જ સૂફી જોગીઓ જ્યારે સાકી થાય છે ત્યારે તેઓ તમારા શંકરના માયાવાદની મર્યાદા ઉલ્લંઘીને તેને પેલેપાર અમનસ્કતાના યાને નિર્વાણી નિરંજનના અવધૂતો થઇ જાય છે."[1] શ્રી. "સાગર" ના તત્ત્વજ્ઞાનના મંદિરમાં આપણે પ્રવેશ કરીએ તે પહેલા અજાત અનુભવની સૈધ્ધાંતિક સમાલોચના દ્વારા અજાતવાદ અને કેવલાદ્વૈત વચ્ચેનો મૂળભૂત તફાવત સમજવો અત્રે મુનાસિબ લાગે છે.

વિશ્વ સંબંધી નિર્ણયોને શાસ્ત્રીય રીતે રજૂ કરનાર પ્રમાણવાદના ભિન્ન ભિન્ન મતાનુયાયીઓ વિશ્વના મૂળભૂત આધાર તરીકે રહેલી પરમ સત્ય વસ્તુનો સંપૂર્ણ ખુલાસો કરી શક્યા નહીં, જેને પરિણામે પ્રસ્થાનત્રયી - ઉપનિષદો, શ્રીમદ્ ભગવદ્ગીતા અને બ્રહ્મસૂત્રોના પાયા ઉપર બ્રહ્મમીમાંસા દર્શનની ઇમારત ચણાઇ.[2]

આ દર્શનકારોમાં માણ્ડૂક્ય ઉપનિષદ્ સમજાવવા માટે માણ્ડૂક્યકારિકા દ્વારા એક અનંતાદ્વૈત પરબ્રહ્મનું પ્રતિપાદન કરી અજાત અનુભવના વેદાન્ત તત્ત્વદર્શનને રજૂ કરનાર શ્રી. ગૌડપાદાચાર્ય મુખ્ય ને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે. એમનું તત્ત્વદર્શન તે અજાતવાદ.

...........

[1] સાગરની પત્રરેખા, પૃ. ૪૧૫

[2] હિંદુ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ (ઉત્તરાર્ધ) પૃ. ૧૪૭

અદ્વૈત તત્ત્વજ્ઞાનના મૂળભૂત સિધ્ધાંતો:

શ્રી. ગૌડપાદાચાર્યે માણ્ડૂક્ય કારિકા દ્વારા અજાત અનુભવના અદ્વૈત તત્ત્વજ્ઞાનના મૂળભૂત સિધ્ધાન્તો દર્શાવ્યા છે. તુરીય આત્માનું મૂળ સ્વરૂપ કાર્યકારણ ભાવથી પર છે.[૪] અનાદિ માયા વડે બંધાયેલો જીવ જાગ્રત થાય છે ત્યારે તે અનિદ્રા અને અનાદિ સ્વરૂપ અદ્વૈત- આત્માનો અનુભવ કરે છે.[૫] ભિન્ન ભિન્ન રૂપાત્મક વિશ્વ વસ્તુત: સત્ય નથી. આ દ્વૈત પ્રપંચ માત્ર માયાભ્રમ છે. વસ્તુત: પારમાર્થિક દૃષ્ટિએ અદ્વૈત જ પરમ સત્ છે. અજ્ઞાન વડે આત્મા પોતાનામાં બધા પદાર્થો કલ્પે છે.[૬]

...........

૪ कार्यकारणबद्धौ ताविष्येते विश्वतैजसौ ।
प्राज्ञ: कारणबद्धस्तु द्वौ तौ तुर्ये न सिध्यत: ॥

માણ્ડૂક્ય કારિકા ૧:૧૧

૫ अनादिमायया सुप्तो यदा जीव: प्रबुध्यते ।
अजमनिद्रमस्वप्नमद्वैतं बुध्यते तदा ॥

માણ્ડૂક્ય કારિકા ૧:૧૬

૬ (१) प्रपंचो यदि विद्येत् निवर्तेत न संशय: ।
मायामात्रमिदं द्वैतमद्वैतं परमार्थत: ॥

માણ્ડૂક્ય કારિકા ૧:૧૭

(२) कल्पयत्यात्मनाऽऽत्मानमात्मा देव: स्वमायया ।
स एव बुध्यते भेदानिति वेदान्तनिश्चय: ॥

માણ્ડૂક્ય કારિકા ૨:૧૨

(३) सरखावो : समस्तं कल्पनामात्रमात्मा मुक्त : सनातन: ।

भवो यं भावना मात्रो न किंचित् परमार्थत: ।

સગુણ અને નિર્ગુણ બ્રહ્મનું શબ્દ પ્રતીક પ્રણવમંત્ર ઓમ્કાર છે. ઓમ્કારનું સ્વરૂપ જાણનાર પરમ તત્ત્વ પરબ્રહ્મને અનુભવી જાણી શકે છે.[૭]

રજ્જુને રજ્જુ તરીકે ન જોતાં ભ્રમને કારણે સર્પ તરીકે જોવાય[૮] અથવા સ્વપ્નમાં ગંધર્વ નગર દેખાય[૯] તેવીરીતે વિશ્વ દેખાય છે. જેમ વંધ્યાપુત્રનો જન્મ સંભવતો જ નથી, તેમ વિશ્વની પણ ઉત્પત્તિ થઇ નથી.[૧૦] ઘડામાં મર્યાદિત થયેલું આકાશ જેમ વસ્તુતઃ મહાકાશથી ભિન્ન નથી, તેમ જીવ પરબ્રહ્મથી ભિન્ન નથી.[૧૧]

...........

૭-(૧) प्रणवो ह्यपरं ब्रह्म प्रणवश्च परः स्मृतः ।
अपूर्वोऽनन्तरो बाह्योऽनपरः प्रणवोऽव्ययः ॥
माण्डूक्य कारिका १:२६

(२) सर्वस्य प्रणवो ह्यादिर्मध्यमन्तस्तथैव च ।
एवं हि प्रणवं ज्ञात्वा व्यश्नुते तदनन्तरम् ॥
माण्डूक्य कारिका १:२७

૮ अनिश्चिता यथा रज्जुरन्धकारे विकल्पिता ।
सर्पधारादिभिर्भावैस्तद्वदात्मा विकल्पितः ॥
माण्डूक्य कारिका २:१७

૯ स्वप्नमाये यथा दृष्टे गन्धर्वनगरं यथा ।
तथा विश्वमिदं दृष्टं वेदान्तेषु विचक्षणैः ॥
माण्डूक्य कारिका २:३१

१० असतो मायया जन्म तत्त्वतो नैव युज्यते ।
वन्ध्यापुत्रो न तत्त्वेन मायया वाऽपि जायते ॥
माण्डूक्यकारिका ३:२८

११ (अ) आत्मा ह्याकाशवज्जीवैर्घटाकाशैरिवोदितः ।
घटादिवच्च संघातैर्जातावेतन्निदर्शनम् ॥
माण्डूक्यकारिका ३:३

(ब) रूपकार्यसमाख्याश्च भिद्यन्ते तत्र तत्र वै ।
आकाशस्य न भेदोऽस्ति तद्वज्जीवेषु निर्णयः ॥
माण्डूक्यकारिका ३:६

જીવ કે જગત વસ્તુત: કશાની ઉત્પત્તિ કે લય નથી. કોઇ સાધક નથી, કે કોઇ મુમુક્ષુ નથી. આ જ પરમ સત્ય છે.[12] અસત્ય વિશ્વનો કોઇપણ પ્રકારે જન્મ થયો નથી. ભ્રમ વડે અથવા સત્ય સ્વરૂપે જેમ વન્ધ્યાપુત્રનો જન્મ જ સંભવતો નથી તેમ તત્ત્વત: સૃષ્ટિની ઉત્પત્તિ જ થઇ નથી[13]. સ્વપ્ન કે ગંધર્વ નગરની માફક વેદાન્તમાં વિશ્વને પરમ તત્ત્વમાં કલ્પિત ગણવામાં આવ્યું છે. જગત પરમાર્થ દૃષ્ટિએ આત્માથી ભિન્ન નથી.

...........

१२ (अ) न निरोधो न चोत्पत्तिर्न बद्धो न च साधकः ।
न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता ॥

माण्डूक्यकारिका २:३२

(ब) ग्रहो न तत्र नोत्सर्गश्चिन्ता यत्र न विद्यते ।
आत्मसंस्थं तदा ज्ञानमजाति समतां गतम् ॥

माण्डूक्यकारिका ३:३८

सरखावो :- न घटो न घटाकाशो न जीवो जीवविग्रहः ।
केवलं ब्रह्म संविद्धि वेद्य वेदक वर्जितम् ॥

दत्तात्रयगीता १:३१

१३

(१) आत्मसत्यानुबोधेन न संकल्पयते यदा ।
अमनस्तां तदा याति ग्राह्याभावे तदग्रहम् ॥

माण्डूक्यकारिका ३:३२

(२) निगृहीतस्य मनसो निर्विकल्पस्य धीमतः ।
प्रचारः स तु विज्ञेयः सुषुप्तेऽन्यो न तत्समः ॥

माण्डूक्यकारिका ३:३४

सरखावो :- सर्वत्र सर्वदा सर्वमात्मानं सततं ध्रुवम् ।

दत्तात्रयगीता १:३२

આ સર્વ જે મન વડે અનુભવાય છે, તે મન જ છે.[14] શ્રી. શંકરાચાર્ય કહે છે તેમ માયા જેવી કોઇ ભાવરૂપ વસ્તુનું અસ્તિત્વ જ નથી. મન એ જ માયા છે. મન અમન થતાં મનોનિગ્રહ થતાં– મનના સર્વ વિચારોનો લય થતાં પરમ સત્ આત્માના સ્વરૂપનું જ્ઞાન થાય છે.[15]

જેમ અલાત ચક્રને ગતિ આપી ફેરવવામાં આવે છે ત્યારે તે વિવિધ આકારો ધારણ કરે છે પણ ગતિથી મુકત થતાં બધા દેખાવોથી તે મુકત થઇ પોતાનું અવ્યાકૃત— મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરે છે, તેવી જ રીતે ચિત્તને અવિદ્યા વડે ગતિ મળતાં તે સૃષ્ટિ, જીવ અને જ્ઞાનાજ્ઞેય સંબંધ પ્રાપ્ત કરે છે.[16]

વસ્તુત: કોઇ જીવ કે સૃષ્ટિની ઉત્પત્તિ જ થઇ નથી. આટલા જ માટે પંચદશીકારે જીવના બંધન અને મોક્ષનું કારણ મનને ગણાવ્યું છે, માયાને નહીં.[17]

...........

सरखावो :-

१४ मनोदृश्यमिदं द्वैतं यत्किंचित्सचराचरम् ।
मनसो ह्यमनीभावे द्वैतं नैवोपलभ्यते ॥

माण्डूक्यकारिका ३:३१

सरखावो :- बद्धो हि वासना बद्धो मोक्षः ।
स्याद्वासनाक्षयः ॥

मुक्तिकोपनिषद् ६८ पृ.५६०

१५ (१) ऋजुवक्रादिकाभासमलातस्पन्दितं यथा ।
ग्रहणग्राहकाभासं विज्ञानस्पन्दितं तथा ॥

माण्डूक्यकारिका ४:४७

(२) अस्पन्दमानमलातमनाभासमजं यथा ।
अस्पन्दमानं विज्ञानमनाभासमजं तथा ॥

माण्डूक्यकारिका ४:४८

१७ मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं स्मृतम् ॥

पञ्चदशी २:११७

सरखावो:- अस्य संसार वृक्षस्य मनोमूलमिदं स्थितम् ।
संकल्प एव तन्मद्ये संकल्पोपशमेन तत् ॥

मुक्तिकोपनिषद् ३७.

યોગ વાસિષ્ઠય અને અવધૂત ગીતા જેવા ગ્રન્થોમાં શ્રી.ગૌડપાદાચાર્યના આજ સિધ્ધાંતોનું નિરૂપણ છે.

બ્રહ્મર્ષિ વસિષ્ઠજીએ અજાતવાદના મૂળભૂત સિધ્ધાતોનું પ્રતિપાદન કરી યોગવાસિષ્ઠયમાં જગતનો સર્વથા ઇન્કાર કર્યો છે અને કહ્યું છે કે સર્વત્ર પરબ્રહ્મનું સનાતન તત્વ જ વિલસી રહ્યું છે. જગત જેવી કોઇ વસ્તુનું અસ્તિત્વ જ નથી.[१८] કોઇ નવી વસ્તુ સંપન્ન થતી નથી કે કશાનો વસ્તુત: જન્મ છે જ નહીં.[१९] જે કાંઇ દેખાય છે તેનો જન્મ થતો જ નથી. કારણ કે આ સર્વ સનાતન પરબ્રહ્મ સ્વરૂપ છે- આત્મા જ સર્વત્ર આત્માથી વ્યાપ્ત છે.[२०]

ગુરુ દત્તાત્રેય પણ અવધૂત ગીતામાં આ જ અજાતવાદનું સ્પષ્ટ નિરૂપણ કરતા કહે છે કે"તું પણ નથી, હું પણ નથી". આ જગત પણ વસ્તુત: નથી. આ બધું કેવળ આત્મા જ છે.[२१] કોઇપણ પ્રકારના જીવો પણ નથી. દ્રષ્ટા અને દ્રશ્યથી પર આ સર્વ પરબ્રહ્મ જ વિલસી રહ્યું છે.[२२]

...........

१८ वस्तु तस्तु जगन्नास्ति सर्वं ब्रह्मैव केवलम् ।
योगवासिष्ठ्य ४:४०:३०

विस्तृत चर्चा माटे जुओ :- Kevaladvaita in Gujarati Poetry - by Dr.Y.J. Tripathi - Part I Chapters I & II.

१९ चिदाकाशो चिदाकाशं केवलं स्वात्मनि स्थितम् ।
योगवासिष्ठ्य ३:२४:२५
न किंचिदपि संपन्नं न च जातं न दृश्यते ।
योगवासिष्ठ्य ३:१३:४०

२० एवं न किंचिदुत्पन्नं दृश्यं चिद् जगदाद्यपि ।
चिदाकाशो चिदाकाश केवलं स्वात्मनि स्थितम् ।।
योगवासिष्ठ्य ३:२४:२५

२१ न त्वं नाहं जगन्नेदं सर्वमात्मैव केवलम् ।
अवधूत गीता १:१५

२२ सरखावो:-
मनो वै गगनाकारं मनोवै सर्वतोमुखम् ।
मनोऽतीतं मन: सर्वं न मन: परमार्थत: ।।
दत्तात्रय गीता-अवधूत गीता १:९

અનાથદાસજીના "વિચારમાલા" નામના હિન્દીના વેદાન્ત ગ્રન્થમાં પણ અજાતવાદનું જ નિરૂપણ છે. શ્રી. અનાથદાસજી જગતનું વર્ણન કરતાં સ્પષ્ટ કહે છે કે અજ્ઞાનરૂપી ઊંઘમાં સ્વપ્ન જેવું જગત છે. જ્યારે જ્ઞાન થયું અને જાગ્યો ત્યારે જોનાર, જોવાની દૃષ્ટિ અને જોવાની વસ્તુએ ત્રણે કાંઇ જુદાં નથી એમ સ્પષ્ટ ખબર પડી.[૨૩] અષ્ટાવક્ર ગીતામાં પણ અજાતવાદનું જ નિરૂપણ છે.[૨૪]

આત્માથી વસ્તુત: જગત ભિન્ન નથી. આત્મામાં જગત છે. સાચું કહું તો જગત નથી અને મિથ્યા કહું તો છે. વસ્તુત: જગતનું અસ્તિત્વ મનના ઉન્મેષને કારણે છે. મનનો નિગ્રહ થતાં જગત રહેતું નથી. વાસનાક્ષય જીવન્મુક્તનું લક્ષણ છે.[૨૫]

અજાતદર્શનના આ સિધ્ધાંતો આપણે વિગતે તપાસીએ.

પ્રથમ પ્રકરણ આગમ પ્રકરણની રચના માણ્ડૂક્ય ઉપનિષદ્ ઉપર જ રચાયેલી છે. આ પ્રકરણમાં વિસ્તારથી બ્રહ્મનું-આત્માનું સ્વરૂપ અને તેની સાથેનો પ્રણવ મંત્રનો સંબંધ સમજાવવામાં આવ્યો છે. શ્રી. ગૌડપાદાચાર્યે વિશ્વની અનવસ્થા અને પરમસત્ અદ્વૈત - પરબ્રહ્મનું પણ પ્રસ્થાપન કર્યું છે.

માણ્ડૂક્ય ઉપનિષદ્‌ના પ્રારંભમાં જ પ્રણવ મંત્ર ૐકારનું રહસ્ય સમજાવવામાં આવ્યું છે. ભૂતકાળ, ભવિષ્યકાળ, અને વર્તમાનકાળ, સમસ્ત વિશ્વની શકિત - પ્રકૃતિનું શબ્દ પ્રતીક ૐકાર છે. અને આ સર્વ તથા ત્રિકાલની

૨૩ अज्ञाननिंद्रं स्वप्नो जगत
ज्ञान भयो जाग्यो जबै
द्रष्टा द्रष्टी न दृश्य ।
विचारमाला ५:५

सरखावो :-
२४ वासना एव संसार इति सर्वा विमुञ्चता: ।
तत्यागो वासनात्यागात् स्थितिरद्य यथातथा ।।
अष्टावक्र गीता - ९:८

२५ यों जग आतमराम -
सत्य कहूं तो है नहीं, मिथ्या कहूँ तो आहि ।
विचारमाला ५:२०

પાર જે કાંઇ છે તે સર્વ પણ ૐકાર જ છે. આ સર્વ બ્રહ્મ છે. જીવાત્મા પણ બ્રહ્મ સ્વરૂપ છે. સગુણ અને નિર્ગુણ બ્રહ્મનું સૂચક શબ્દપ્રતીક પ્રણવમ્ પણ બ્રહ્મ જ છે.[૨૬] આ આત્મા- બ્રહ્મના ચાર પાદ છે, એવી કલ્પના કરવામાં આવી છે.[૨૭] આ સર્વ પરબ્રહ્મમય છે.[૨૮] વિશ્વની સર્જનલીલા દ્વારા સામાન્ય માનવી પરબ્રહ્મના બાહ્ય અસ્તિત્વનો અનુભવ કરી શકે છે. વેદના મહાવાકયો સ્પષ્ટ દર્શાવે છે કે

...........

मन उन्मेषा जगत् भयो, बिन उन्मेषा नसाय ।
कहो जगत कित संभवै, मन ही जहां विलाय ।।

विचारमाला ७:१२

विषयानंद संसार है, भजनानंद हरिदास ।
ब्रह्मानंद जीवन्मुक्त, भई वासनानास ।।

विचारमाला ८:१३

२६ जुओ पाद टीप नं.७

(अ) ओंकारेवेदं सर्वम् ।। छा.उ. २:२३:३

(ब) ओमित्येतत् सर्वम् ।। कठ.उ. १:२:१५

(क) ओमिति ब्रह्म । ओमितीदं सर्वम् ।। तै.उ. १:८

(ड) ओमित्ये तदक्षरं परं ब्रह्म ।
तदेवोऽपासितव्यम् ।। - तारसार उपनिषद् १:२७

(इ) परं चापरं च ब्रह्म यदोंकार: ।। प्रश्नोपनिषद् ५:५

(ई) ओमित्ये तदक्षरमिदं सर्वं तस्योप व्याख्यानं भूतं भवद् भविष्य दीति सर्वमोंकार एव । यच्चान्यत त्रिकालातीतं तदप्योंकार एव ।

माण्डूक्य उपनिषद् १:१

२७ सोयमात्मा चतुष्पाद्

मा.उ. २:

२८ सर्वं खल्विदं ब्रह्म ।

छा.उ. ३:१४:१

વિશ્વ વસ્તુત: પરબ્રહ્મનું જ પ્રકટીકરણ છે.[૨૯-૩૨] ચૈતન્યના ચાર વિભિન્ન સ્વરૂપો હોવાનું પરિણામ ભિન્ન રૂપાત્મક દશ્યમાન વિશ્વ હોવાને કારણે જ સનાતન ચૈતન્ય પરબ્રહ્મ - આત્માના ચાર પાદની કલ્પના કરવામાં આવી છે.

જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિની ત્રણ વિભિન્ન અવસ્થાઓમાં વિલસી રહેલું ચૈતન્ય તત્વ ત્રણે અવસ્થાઓને ઓળંગીને પોતાનું અમર્યાદ વિશુધ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરે છે. આત્માનું આ ચતુર્થ સ્વરૂપ - તુરીય એ જ પરબ્રહ્મ છે- પરમસત્ છે. આ ચેતન તત્ત્વ - આત્માનું ચોથું સ્વરૂપ એ જ પરબ્રહ્મનું સ્વરૂપ છે, આમ ચેતન તત્ત્વના ચાર વિભિન્ન સ્વરૂપો દ્વારા આત્માનું ચાર વિભાગોમાં વિભાજન દર્શાવવાનો હેતુ નથી. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ - આ ત્રણે અવસ્થાઓમાં વિલસી રહેલું- ચેતન તત્વનું સ્વરૂપ ભિન્ન ભિન્ન હોવા છતાં વસ્તુત: એક જ છે, અને એ આત્માનું મૂળ સ્વરૂપ ચતુર્થ અવસ્થા- તુરીયાવસ્થામાં સચ્ચિદાનંદ બ્રહ્મસ્વરૂપને જ પ્રાપ્ત કરે છે.

વિશ્વમાં રહેલા ભિન્ન ભિન્ન પદાર્થોનો અનુભવ માનવી જાગ્રત અવસ્થામાં કરે છે. સ્વપ્નાવસ્થામાં પણ જાગ્રત અવસ્થા જેવું જ સ્વપ્ન જગત માનવીના મનમાં સર્જાય છે. અને સુષુપ્ત અવસ્થામાં આવેલી ઘસઘસાટ ઊંઘનો આનંદ જાગ્રતાવસ્થામાં આવતાં એ જ ચૈતન્ય યાદ રાખી શકે છે- અનુભવી

...........

२९ (अ) अयमात्मा ब्रह्म ।
मा.उ. २:२५

३० (ब) तत्त्वमसि ।
छा.उ. ६:९:७

३१ (क) प्रज्ञानं ब्रह्म ।
ऐ.उ. ३:३

३२ (ड) अहं ब्रह्मास्मि ।
बृ.उ. १:४:१०

શકે છે- આ ત્રણે અવસ્થાઓમાં રહેલું જે સાક્ષી તત્વ ચૈતન્ય તત્વ- આ અનુભવો માણે છે. તેજ આત્મા છે.

<u>ભિન્ન રૂપાત્મક દૃશ્યમાન વિશ્વનું મૂળ કારણ</u>

જીવા અને જગતને ખરેખર સત્ય માનતા અને પ્રતિક્ષણે દુ:ખ અને આનંદનો અનુભવ કરતા કરતાં જગતનાં દુ:ખોમાં સંડોવાયેલા દરેક પ્રાણીને આ અનુભવ થતો નથી. આમ કેમ થાય છે. માયાની અંધારીમાં ભટવાતો કોઇપણ જીવાત્મા પુનર્જન્મના સિધ્ધાંત પ્રમાણે વર્તે છે અને જગતને સત્ય માને છે. માયાની અસરનું આ પરિણામ છે.

<u>ભિન્ન રૂપાત્મક વિશ્વનું અસત્યત્વ</u>

આત્મ સાક્ષાત્કારની પૂર્વે ખરેખર જો દૃશ્યમાન ભિન્ન રૂપાત્મક વિશ્વનું વાસ્તત્વ હોય તો આત્મ સાક્ષાત્કાર થતાં તે ચોકકસ અદૃશ્ય-લય થવું જોઇએ પણ તેમ થતું નથી. આ દ્વૈત કે જે અનુભવી શકાય છે તે વસ્તુત: માત્ર ભ્રમ-માયા છે. અદ્વૈત એક જ પરમ સત્ય છે. વેદાન્ત તત્વજ્ઞાનનો આ જ સાર છે.[33]

દૃશ્યમાન ભિન્ન રૂપાત્મક વિશ્વનો લય થયા પછી જ જો તુરીય-અદ્વૈતના જ્ઞાનની પ્રાપ્ત થતી હોય તો દૃશ્યમાન નાનાત્મક જગતનું વાસ્તત્વ છતાં અદ્વૈતનું જ શાશ્વત અસ્તિત્વ છે, એમ કેવી રીતે કહી શકાય?

...........

33 जागरितस्थानो बहिष्प्रज्ञ: सप्ताङ्ग एकोनविंशतिमुख: स्थूलभुग्वैश्वानर: प्रथम: पाद: ॥

माण्डूक्य उ. १:३

આ પ્રશ્નનો જવાબ એ છે કે ભિન્ન રૂપાત્મક વિશ્વનું ખરેખર સહેજ પણ અસ્તિત્વ જ નથી. ચિન્તકો કહે છે કે જગતની સત્યતા માનવામાં આવે છે માટે બ્રહ્માનુભવ કાલે દ્વૈતભાવ અદૃશ્ય થાય છે. પણ ખરી રીતે તો દ્વૈતભાવનું અસ્તિત્વ હતું જ નહીં. એટલે તે અદૃશ્ય પણ થતું નથી. જયારે કોઇને સાચું દોરડું બતાવવામાં આવે છે ત્યારે ખરી રીતે તે કોઇ સાપ અદૃશ્ય થતો નથી કારણ કે એવા સાચા સાપનું અસ્તિત્વ જ હોતું નથી. એ તો માત્ર અજ્ઞાન વડે પ્રગટેલા ભ્રમને કારણે જે સાપ દેખાય છે અને તે ભ્રમ જ અદૃશ્ય થાય છે. સાચા સાપનું તો અસ્તિત્વ જ હોતું નથી, એટલે સાપ અદૃશ્ય થવાનો પ્રશ્ન જ રહેતો જ નથી. ભ્રમ અદૃશ્ય થાય છે. વસ્તુત: જે છે જ નહીં તે ખરી રીતે અસ્તિત્વ ધરાવે છે એમ કહી શકાય નહીં. આ જ પ્રમાણે વિશ્વની ભિન્નરૂપતાનો અનુભવ થાય છે. તે દ્વૈત ભાવનું સ્વરૂપ પણ સાપ જેવું છે. એ માત્ર ભ્રમ છે. માયા છે. ભ્રમનું નિરસન થતાં અદ્વૈત અનુભવાય છે. અદ્વૈત જ પરમ સત્ય છે. બ્રહ્મ વિના બીજા કશાનું અસ્તિત્વ છે જ નહીં, જે કાંઇ છે તે કેવળ પરબ્રહ્મ જ છે.

## ભિન્ન રૂપાત્મક વિશ્વ વિશ્વ તરીકે અસત્ય, બ્રહ્મ તરીકે સત્ય

ભિન્ન રૂપાત્મક વિશ્વ પરબ્રહ્મ જ છે. પરબ્રહ્મ તરીકે તેનું અસ્તિત્વ સનાતન છે. અને તેમાં કોઇપણ પ્રકારનું પરિવર્તન થતું નથી. માનવીને વિશ્વની પ્રતીતિ પરબ્રહ્મ તરીકે થાય ત્યારે તેના મનમાં વિશ્વની સત્યતા વિશે કશો ભ્રમ રહેતો નથી.

આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરેલી વ્યકિતને તો સમસ્ત વિશ્વમાં પરબ્રહ્મનું જ દર્શન થાય છે.

વિશ્વ પરબ્રહ્મથી વ્યતિરિકત વસ્તુ તરીકે અસ્તિત્વ ધરાવે છે તેવી ખોટી માન્યતા વસ્તુત્વાનુભવ થતાં અદૃશ્ય થાય છે.

આત્મસાક્ષાત્કાર થતાં પરબ્રહ્મ તરીકે વિશ્વ અનુભવાય છે અથવા વિશ્વ અદૃશ્ય થાય છે તેવું કશું વસ્તુતઃ બનતું જ નથી. કારણ કે તે તો હંમેશને માટે પરબ્રહ્મ જ છે. જાદુગરની જાદુઇ માયા જેવું અથવા એક દોરડું ભ્રમને કારણે સાપ જેવું દેખાય તેના જેવું એ છે. પ્રકાશ થતાં ભ્રમ દૂર થાય છે અને ભ્રમ દૂર થતાં સત્ય વસ્તુ દેખાય છે. તેવી જ રીતે વિશ્વનું સાચું સ્વરૂપ દેખાતાં વિશ્વ અને પરબ્રહ્મ વસ્તુતઃ એક જ છે તે સ્પષ્ટ સમજાય છે. વિશ્વના દેખાવો આદિમાં અને અંતે મિથ્યા હોઇ વર્તમાનમાં પણ તેવા જ છે. માત્ર મધ્ય વ્યકત Middle Apparent હોઇ મિથ્યા છે.[૩૪] [૩૫]

જેવી રીતે જલ અને જલતરંગ અભિન્ન છે તેવી જ રીતે વસ્તુતઃ વિશ્વ અને પરબ્રહ્મ અભિન્ન છે. સ્વપ્નમાં અનુભવેલા હાથીની નામરૂપાત્મકતા માત્ર મનોકલ્પિત હોય છે. તેવી રીતે અજ્ઞાન દશામાં અનુભવેલ સૃષ્ટિ અને સૃષ્ટિના સર્વ પદાર્થો કલ્પિત હોવાથી વિદ્યમાન નથી.[૩૬] આ સૃષ્ટિ જો વિધ્યમાન હોય તો આત્મસાક્ષાત્કાર પછીથી તેની નિવૃત્તિ થાય એમાં કાંઇ સંશય નથી

...........

३४ आदावन्ते च यन्नास्ति वर्तमानेऽपि तत्तथा ।
वितथैः सदृशाः सन्तोऽवितथा इव लक्षिताः ॥
माण्डूक्यकारिका ४:३१

सरखावो :-
३५ ना कछु भयो न है कछू ऐसो जगत विचार
विचारमाला २:७

३६ उपलम्भात्समाचारान्मायाहस्ती यथोच्यते ।
उपलम्भात्समाचारादस्ति वस्तु तथोच्यते ॥
माण्डूक्यकारिका ४:४४

પણ તેમ થતું નથી એટલે સ્પષ્ટ થાય છે કે આ દ્વૈત રજ્જુ સર્પવત્ હોઇ, કલ્પિત હોવાથી વિદ્યમાન નથી.[37] માયાવી પુરુષે દેખાડેલી માયાની માફક આ દ્વૈત પણ વિવેકથી નિવૃત્ત થાય છે, એટલે પરમાર્થ દૃષ્ટિથી તો અદ્વૈત જ છે.[38-39]

આ વિશ્વ જેવી રીતે મનની કલ્પના માત્ર જ છે તેવીરીતે ગુરુ-શિષ્ય રૂપ જે દ્વૈતનું કથન શાસ્ત્રમાં છે તે વ્યાવહારિક દૃષ્ટિએ જ છે. ઉપદેશના કાર્યરૂપ જ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધીનું- સંબંધિત ભૂમિકા ઉપરનું- તેમનું પોતાનું અસ્તિત્વ હોવાને કારણે જ છે. પરમાર્થ દૃષ્ટિ એ તો ગુરુ અને શિષ્ય બન્ને બ્રહ્મથી વ્યતિરિક્ત નથી જ. પરમ સત્યના જ્ઞાનની પ્રાપ્તિ થતાં ગુરુ શિષ્યના દ્વૈત ભાવનો પણ વિલય થાય છે.[40] પ્રથમ પ્રકરણ આગમ પ્રકરણમાં

...........

37 अद्वयं च द्वयाभासं मन: स्वप्ने न संशय: ।
अद्वयं च द्वयाभासं तथा जाग्रन्न संशय: ॥
माण्डूक्यकारिका ३:३०

38 भावैरसद्भिरेवायमद्वयेन च कल्पित: ।
भावा अप्यद्वयेनैव तस्मादद्वयता शिवा ॥
माण्डूक्यकारिका २:३३

सरखावो :-

39 क्व संसार: क्व चाभास: क्व साध्यं क्व साधनम् ।
आकाशस्येव धीरस्य निर्विकल्पस्य सर्वदा ॥
अष्टावक्रगीता १८:६६

४० विकल्पो विनिवर्तेत कल्पितो यदि केनचित् ।
उपदेशादयं वादो ज्ञाते द्वैतं न विद्यते ॥
मा.का. १:१८

શ્રી.ગૌડપાદાચાર્યે આત્માના મૂળ સ્વરૂપ તુરીય જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રણવોપાસનાનું મહત્ત્વ સમજાવ્યું છે.

આત્માના ચાર પાદ વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને તુરીયની સાથે પ્રણવમંત્ર ૐકારના ત્રણ સ્વર અ, ઉ અને મ તથા અમાત્રનો તેમજ જાગ્રત, સ્વપ્ન સુષુપ્તિ અને તુરીય અવસ્થાનો અને સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહ સાથેનો સંબંધ દર્શાવ્યો છે.[૪૧]

આત્માના પ્રથમ ત્રણ પાદ અને પ્રણવમંત્રની પ્રથમ ત્રણ માત્રાનો લય તુરીય, અમાત્રમાં થતા પ્રણવ- બ્રહ્મ આત્માનું સ્વરૂપ સમજાય છે.[૪૨] મનનો બ્રહ્મ શબ્દ પ્રતીક ૐકારમાં લય કરવામાં આવે ત્યારે જ બ્રહ્મ ૐકારનું જ્ઞાન થાય છે.[૪૩] સર્વનું આદિ, મધ્ય તથા અંત પ્રણવમંત્ર છે.[૪૪] પરબ્રહ્મ સગુણ અને નિર્ગુણ બન્ને સ્વરૂપનો પ્રણવમંત્રમાં સમાવેશ થાય છે. ૐ એ જ પરબ્રહ્મ છે.[૪૫]

............

[૪૧]જુઓ પાદટીપ ૩૨

૪૨ अकारो नयते विश्वमुकारश्चापि तैजसम् ।
ॐमकारश्च पुनः प्राज्ञं नामात्रे विद्यते गतिः ॥
मा.का. १:२३

૪૩ युञ्जीत प्रणवे चेतः प्रणवो ब्रह्म निर्भयम् ।
प्रणवे नित्य युक्तस्य न भयं विद्यते क्वचित् ॥
मा.का. १:२५

[૪૪]જુઓ પાદટીપ ૭ :૨:

[૪૫]જુઓ પાદટીપ ૭ :૧:

અધિકારી અવ્યય અપૂર્વ અનાદિ પ્રણવ મંત્રની જાણનાર પરમતત્ત્વ પરબ્રહ્મને જાણે છે. સર્વના મનમાં વ્યાપક ઇશ્વર એ જ પ્રણવ મંત્ર છે.[46] સર્વવ્યાપ્ત પ્રણવમંત્રને જાણનાર કદી દુ:ખ કે ભય પામતો નથી.[47]

બીજા લોકો જેને વિશ્વની ઉત્પત્તિ માને છે તે પરબ્રહ્મનો પોતાનો સ્વભાવ જ છે. તે અદ્વૈત પરબ્રહ્મ જ છે. એક અનંતાદ્વૈત પરબ્રહ્મથી વ્યતિરિકત અન્ય કોઇ વસ્તુનું અસ્તિત્વ શ્રી. ગૌડપાદાચાર્ય અજાતવાદમાં સ્વીકારતાં નથી. એક અનંતાદ્વૈત પરબ્રહ્મને બદલે નામ રૂપાત્મક દ્વૈતની દુનિયાનું થતું ભ્રામક દર્શન પરબ્રહ્મના મૂળ સ્વભાવ (આત્મકામત્વ) (આપ્ત કામત્વ) અને (અકામત્વપણા) થી અજ્ઞાન હોવાને કારણે પ્રગટેલી અવિદ્યાને કારણે થાય છે. પરબ્રહ્મ કે જેને કોઇ સ્પૃહા છે જ નહીં તે કોઇ ઇચ્છા પૂર્ણ કરવા માટે વિશ્વનું સર્જન કરે નહીં. વિશ્વના સર્જનને કાર્યકારણ સંબંધ દ્વારા પણ સમજાવી શકાય તેમ નથી. વિશ્વસર્જનના કાર્યને જે સત્ય તરીકે માને છે અને પછી તેને સ્વપ્ન કે ભ્રમના સ્વરૂપ જેવું જ સમજાવવાનો પ્રયત્ન કરે છે તે ભૂલી જાય છે કે વસ્તુ:ત સ્વપ્ન તો અસત્ય જ છે, અને એટલે જ સર્જનની માની લીધેલી સત્યતાને તે સમજાવી શકતા નથી. રજ્જુમાં સાપનું અસ્તિત્વ ધારીને પછી તેને સમજાવીએ તે વસ્તુત: અસત્ય હોવાને કારણે અર્થ વગરનું છે. વસ્તુત: વિશ્વનું સર્જન જ થયું નથી.

...........

४६ प्रणवं हीश्वरं विद्यात् सर्वस्य हृदि संस्थितम् ।
सर्वव्यापिनमोंकारं मत्वा धीरो न शोचति ॥

माण्डूक्यकारिका १:२८

४७ अमात्रोऽनन्तमात्र द्वैतस्योपशम: शिव: ।
ओंकारो विदितो येन स मुनिर्नेतरो जन: ॥

माण्डूक्यकारिका १:२९

આમ વિશ્વસર્જનનો બધા મતો-માયિક - પરબ્રહ્મના મૂળ સ્વભાવના અજ્ઞાનને કારણે પ્રગટેલા છે.[૪૮] જગતને અસત્ય કહી શકાય નહીં, કારણ કે તે પરબ્રહ્મ વિના બીજું કશું જ નથી. પરમ સત્યની દૃષ્ટિએ વિશ્વ અને પરબ્રહ્મ બન્ને એક જ છે. વસ્તુતઃ બન્નેમાં કોઇ ભેદ નથી. દ્વૈત આત્મામાં કલ્પિત હોવાથી વિદ્યમાન નથી. તે વિવેકથી નિર્વત થાય છે. એટલે પરમાર્થ દૃષ્ટિથી તો અદ્વૈત જ છે.[૪૯]

બીજા પ્રકરણ વૈતથ્ય પ્રકરણના પ્રારંભમાં જ શ્રી. ગૌડપાદાચાર્ય સ્વપ્નાવસ્થામાં દેખાતા બધા પદાર્થોનું અસ્તિત્વ અસત્ય હોવાનું પુરવાર કરે છે. સ્વપ્નમાં દેખાતા પદાર્થોનું અસ્તિત્વ દેહપ્રદેશની અંદર હોય છે. વળી, વિસ્તારની દૃષ્ટિએ દેહપ્રદેશ ખૂબજ સંકુચિત હોય છે. પરિણામે સ્વપ્નમાં દેખાતા હાથી, પર્વત આદિનું પદાર્થોનું સ્થાન અને સંકુચિતતાની દૃષ્ટિએ દેહપ્રદેશમાં અસ્તિત્વ સંભવિત નથી. આમ સ્વપ્નાવસ્થામાં દેખાતા બધા પદાર્થો અસત્ય છે. સમયની મર્યાદાને કારણે સ્વપ્નાવસ્થામાં દેખાતા દૂરના પ્રદેશના પદાર્થો દેહથી બહાર દૃષ્ટા જોઇ શકતો નથી.[૫૦] એટલું જ નહીં પણ દૃષ્ટા પોતે જાગે છે ત્યારે સ્વપ્નમાં જોયેલા પદાર્થોના દેશમાં તે હોતો નથી. એટલે આ દૃષ્ટિએ જોઇએ તો પણ આ પદાર્થોનું અસ્તિત્વ અસત્ય જ છે.[૫૧]

............

૪૮ Kevaladvaita in Gujarati Poetry - Page 9 -
By Dr.Y.J. Tripathi.

૪૯ જુઓ પાદટીપ ૬ :૧:

५० वैतथ्यं सर्वभावानां स्वप्न आहुर्मनीषिण: ।
अन्तःस्थानात्तु भावानां संवृतत्वेन हेतुना ॥
माण्डूक्यकारिका २:१

५१ अदीर्घत्वाच्च कालस्य गत्वा देशान्नपश्यति ।
प्रतिबुद्धश्च वै सर्वस्तस्मिन्देशे न विद्यते ॥
माण्डूक्यकारिका २:२

સ્વપ્નમાં દેખાતા સ્થાદિકને શ્રુતિ પણ અસત્ય ગણાવે છે. સ્વપ્નના અનુભવોની વિતથતા યુક્તિ વડે શ્રુતિ પણ જાહેર કરે છે. અને સ્વપ્નમાં અનુભવાતા વિવિધ પદાર્થો દૃશ્યમાન હોવાને કારણે તેમનું અસ્તિત્વ અસત્ય છે.[૫૨]

જાગ્રતમાં અનુભવાતા વિવિધ પદાર્થોનું અસ્તિત્વ પણ આ જ કારણે અસત્ય છે. સ્વપ્ન અને જાગ્રતના પદાર્થોનું સ્વરૂપ એક સરખું છે. બન્ને વચ્ચેનો ભેદ સ્થાનને કારણે છે.[૫૩]

સ્વપ્નાવસ્થામા પદાર્થો શરીરની અંદર સ્થાનવાળા હોવાથી સ્થાન, દેશ ને કાલ આદિ મર્યાદાઓથી તે યુક્ત હોય છે. આ મર્યાદાઓ જાગ્રત અવસ્થામાંના પદાર્થોમાં હોતી નથી.

જાગ્રત ને સ્વપ્નના પદાર્થો ગ્રાહ્ય ગ્રાહકપણાના સંબંધ વડે કરીને દૃશ્યમાન થાય છે. બન્ને વચ્ચે ભેદ હોવા છતાં આ દૃશ્યપણારૂપ સમત્વને કારણે જ વિવેકીજનો સ્વપ્નને જાગ્રત, બન્નેને એકરૂપ એટલે કે અસત્ય જ ગણે છે.[૫૪]

...........

५२ अभाव च रथादीनां श्रूयते न्यायपूर्वकम् ।
वैत यं तेन वै प्राप्तं स्वप्न आहुः प्रकाशितम् ॥
माण्डूक्यकारिका २:३

५३ अन्तः स्थानात्तु भेदानां तस्माज्जागरिते स्मृतम् ।
यथा तत्र तथा स्वप्ने संवृतत्वेन भिद्यते ॥
माण्डूक्यकारिका २:४

५४ स्वप्नजागरितस्थाने ह्येकमाहुर्मनीषिणः ।
भेदानां हि समत्वेन प्रसिद्धेनैव हेतुना ॥
माण्डूक्यकारिका २:५

વળી સ્વપ્નને જાગ્રત અવસ્થાના પદાર્થોનું અસ્તિત્વ આદિમાં પણ નથી, અને અંતે પણ નથી. માત્ર મધ્ય વ્યકત છે, એટલે પણ જાગ્રત અને સ્વપ્નના પદાર્થોનું અસ્તિત્વ અસત્ય છે.[૫૫] જાગ્રતાવસ્થામાં અનુભવાતા પદાર્થો પ્રયોજન કે હેતુસિધ્ધ કરે છે. તેવી જ રીતે સ્વપ્નાવસ્થામાં અનુભવાતા પદાર્થો પણ પ્રયોજન કે હેતુ સિધ્ધ કરે છે. આ દૃષ્ટિએ પણ જાગ્રત અને સ્વપ્નાવસ્થામા પદાર્થોનું અસ્તિત્વ અસત્ય - મિથ્યા છે.[૫૬] જાગ્રતાવસ્થામાં અનુભવેલ પદાર્થો કરતાં જુદા જ વિલક્ષણ પદાર્થોનો અનુભવ સ્વપ્નાવસ્થામાં થાય છે. એટલે બન્ને વચ્ચે સ્પષ્ટ તફાવત છે, એમ માનનાર પૂર્વપક્ષને શ્રી ગૌડપાદાચાર્ય સમજાવે છે કે જાગ્રતાવસ્થાનું જાગ્રત જગત છે, તેમ સ્વપ્નાવસ્થામાં તૃપ્તિ અનુભવતો હોય છે. જ્યારે જાગ્રતાવસ્થામાં ખરેખર તૃપ્ત માનવી સ્વપ્નાવસ્થામાં તૃષા છિપાવવાના પ્રયત્નો કરતો પણ દેખાય છે. આમ સ્વપ્ન અને જાગ્રત બન્નેને પોતપોતાની મર્યાદાઓ છે અને તેને અનુભવનાર દૃષ્ટાનું મન સ્થાનની મર્યાદા અનુસાર પદાર્થોનો અનુભવ કરે છે. એટલે સ્વાભાવિક રીતે જ બન્ને અવસ્થાઓમાં અનુભવાતા પદાર્થો વચ્ચે પણ તફાવત દેખાય છે. જેમ રજ્જુમાં સર્પ કે રણમાં મૃગજળનો અનુભવ દૃષ્ટાની માનસિક દશાને આભારી છે, તે વસ્તુતઃ અસત્ય જ છે, તેમ જાગ્રતાવસ્થાની મર્યાદાને ઓળંગી સ્વપ્નાવસ્થામાં દેખાતા પદાર્થો પણ સ્વપ્નાવસ્થાની મર્યાદાઓને કારણે અસત્ય જ છે. સ્વપ્ન કે જાગ્રત અવસ્થામાં અનુભવાતા પદાર્થો માત્ર મનની કલ્પના જ છે, ચિત્ત સ્પન્દન જ છે.

............

૫૫ આદાવન્તે ચ યન્નાસ્તિ વર્તમાનેऽપિ તત્તથા ।
વિતથૈઃ સદૃશાઃ સન્તોऽવિતથા ઇવ લક્ષિતાઃ ।।

માણ્ડૂક્યકારિકા ૨:૬

જુઓ પાદટીપ ૨૪ - અવધૂતનાં લક્ષણોમાં પણ આશા તૃષ્ણા/વાસનાક્ષય અને ચિત્તશુદ્ધિ તેમજ તત્ત્વબોધની આવશ્યકતા સમજાવી છે.

જુઓ અવધૂતગીતા ૮:૬:૮

૫૬ સપ્રયોજનતા તેષાં સ્વપ્ને વિપ્રતિપદ્યતે ।
તસ્માદાદ્યન્તવત્ત્વેન મિથ્યૈવ ખલુ તે સ્મૃતાઃ ।।

માણ્ડૂક્યકારિકા ૨:૭

બન્ને અવસ્થાના પદાર્થો વચ્ચે દૃશ્યપણાના ગુણને કારણે- એક જ સ્વભાવને લીધે એકરૂપતા છે. સ્વપ્નાવસ્થાના વિષયોની માફક જાગ્રતાવસ્થાના વિષયો પણ ચિત્તસ્પન્દન હોઇ બન્ને અસત્ય જ છે.[૯૦ ૫૭]

સ્વપ્નાવસ્થામાં અંતરમાં મન વડે જે કલ્પાય છે તે અસત્ય લાગે છે, અને મન વડે સ્વપ્નાવસ્થામાં જે પદાર્થોનો બાહ્ય અનુભવ થાય છે તે સત્ય હોય એમ લાગે છે, પરન્તુ વસ્તુતઃ સ્વપ્નાવસ્થામાં આંતરબાહ્ય બન્ને અસત્ય જ છે. આજ પ્રમાણે જાગ્રતાવસ્થામાં પણ છે. જાગ્રતાવસ્થામાં પણ અંતરમાં મન વડે કરાયેલી બધી જ કલ્પનાઓ અસત્ય લાગે છે અને જેનો મન વડે બાહ્ય અનુભવ થાય છે તે સત્ય લાગે છે. પરન્તુ વસ્તુતઃ જાગ્રતાવસ્થામાં પણ આંતરબાહ્ય બન્ને અનુભવો અસત્ય જ છે. આમ સ્વપ્નાવસ્થામાં જેમ જાગ્રતાવસ્થામાં પણ બન્ને આંતરબાહ્ય અનુભવો અસત્ય જ છે.[૫૮]

આંતર બાહ્ય અનુભવ કરનાર તથા પદાર્થોની કલ્પના દૃષ્ટા સ્વયંપ્રકાશિત આત્મા પોતે જ છે. આત્મા પોતે પોતાના અજ્ઞાન, માયા વડે કરીને પોતે પોતામાં - દૃષ્ટા આંતરબાહ્ય ઉભયમાં કલ્પના કરે છે. આ રીતે કલ્પેલા

...........

५७ अपूर्वं स्थानिधर्मो हि यथा स्वर्गनिवासिनां ।
तान्यं प्रेक्षते गत्वा यथैवेह सुशिक्षितः ॥
माण्डूक्यकारिका २:८

५८ स्वप्नवृत्तावपि त्वन्तश्चेतसा कल्पितं त्वसत् ।
बहिश्चेतोगृहीतं सद्दृष्टं वैतथ्यमेतयोः ॥
माण्डूक्यकारिका २:९

जाग्रत्वृत्तावपि त्वन्तश्चेतसा कल्पितं त्वसत् ।
बहि चेतो गृहीतं सद्युतं वैतथ्यमेतयोः ॥
माण्डूक्यकारिका २:१०

પદાર્થોનો અનુભવ આત્મા પોતે જ કરે છે.[59] દૃષ્ટાના અજ્ઞાન-માયા વડે કરીને દેખાતી આ માત્ર કલ્પના છે. વસ્તુતઃ કોઇપણ પ્રકારે કશાનું સર્જન થતું નથી.

વાસના, સંકલ્પ અથવા ઇચ્છારૂપે પોતાના મનમાં જ અસ્તિત્વ ધરાવતા ભિન્નભિન્ન પદાર્થોની પોતાના મનને બહિર્મુખ કરીને આત્મા જ કલ્પના કરે છે.[60] મન જ્યાં સુધી બાહ્ય પદાર્થોનો ઇન્દ્રિયો દ્વારા અનુભવ કરે ત્યાં સુધી જ પદાર્થોનું અસ્તિત્વ છે. એ જ પ્રમાણે મન વડે અંતરમાં અનુભવાતા પદાર્થોનું અસ્તિત્વ કાર્ય મર્યાદા અનુસાર જ છે. વસ્તુતઃ બન્ને માત્ર કલ્પનાઓ જ છે.[61]

સ્ફુટ પદાર્થોનો અનુભવ ઇન્દ્રિયો દ્વારા થાય છે જ્યારે અવ્યકત પદાર્થોનો પ્રત્યક્ષ અનુભવ થતો નથી. બન્ને વચ્ચે આટલો જ ભેદ છે. પરંતુ બન્ને માત્ર કલ્પનાઓ જ છે. વસ્તુતઃ આંતર કે બાહ્ય અનુભવાતા કોઇપણ પદાર્થનું અસ્તિત્વ સત્ય નથી.[62]

...........

५९ જુઓ પાદ ટીપ ६ :२:

६० विकरोत्यपरान्भावानन्तश्चित्ते व्यवस्थितान् ।
नियतांश्च बहिश्चित्त एवं कल्पयते प्रभुः ॥
माण्डूक्यकारिका २:१३

सरखामणी :-

वासना वर्जितापेव वक्तव्यं च निरामयम् ।
वर्तमानेषु वर्तेत वकारं तस्यलक्षणम् ॥
अवधूतगीता ८:७

अवधूतनां लक्षणो अवधूतगीता: विचारमालामां

ब्रह्मानंद जीवन्मुक्त भई वासनानाश - ८:१३

अष्टावक्र गीतामां

वासना एव संसार इति सर्वा विमुञ्चता: - ९:८

यत्र यत्र भवे तृष्णा संसारं विध्द तत्रवै । - १०:३

६१ चित्तकाला हि येऽन्तस्तु द्वयकाला च ये बहिः ।
कल्पिता एव ते सर्वे विशेषो नान्यहेतुक: ॥ माण्डूक्यकारिका २:१४

६२ अव्यक्ता एव येऽन्तस्तु स्फुटा एव च ये बहिः ।
कल्पिता एव ते सर्वे विशेषास्त्विन्द्रियान्तरे ॥ माण्डूक्यकारिका२:१५

રજ્જુના મૂળ સ્વરૂપ વિષે નું જ્ઞાન થતાં બધા ભ્રમનો વિલય થાય છે. તેવીરીતે આત્માના મૂળ સ્વરૂપનું જ્ઞાન થતાં જીવ, પ્રાણ, સૃષ્ટિ આદિ દ્વૈતના બધા વિકલ્પોનો પણ વિલય થાય છે.[૬૩]

આ વિશ્વનું ભ્રામક અસત્યદર્શન ભ્રમ કે સ્વપ્નની માફક અથવા આકાશમાં દેખાતા ગંધર્વનગરની માફક જ થાય છે.[૬૪] વસ્તુતઃ જીવ કે જગત કશાની ઉત્પત્તિ સંભવતી જ નથી. આ બધું પરબ્રહ્મમય જ છે. વસ્તુતઃ કોઇ વસ્તુનું સર્જન નથી, કશાનો લય નથી. કોઇ સાધક પણ નથી. મુમુક્ષુ પણ નથી. મુકત પણ નથી. આ જ પરમ સત્ય છે.[૬૫] આત્માના મૂળસ્વરૂપનું જ્ઞાન થતાં બધા પ્રકારના દ્વૈતનો વિલય થાય છે. આત્માને દૃશ્યમાન અસત્ પદાર્થો તરીકે કલ્પાય છે પરન્તુ આત્માનું મૂળ સ્વરૂપ અદ્વય છે એટલે અદ્વય આત્મામાં જ સર્વ ભાવોની કલ્પના કરવામાં આવી છે. આમ અદ્વૈત જ પરમ આનંદ છે.[૬૬] આત્માના દ્વૈતના ભ્રમથી મુકત અદ્વય સ્વરૂપ જાણનાર તેની સાથે એકરૂપતા અનુભવે છે.[૬૭]

ત્રીજા પ્રકરણ અદ્વૈત પ્રકરણમાં શ્રી. ગૌડપાદાચાર્યે જીવને જગતની વસ્તુતઃ અસત્યતા તર્કયુકત દલીલોથી દૃષ્ટાંત વડે સાબિત કરે છે.

...........

[૬૩]જુઓ, પાદટીપ ૮

[૬૪]જુઓ, પાદટીપ ૯

[૬૫]જુઓ, પાદટીપ ૧૨ :અ:

[૬૬]જુઓ, પાદટીપ ૩૯

૬૭ तत्त्वमाध्यात्मिकं दृष्ट्वा तत्त्वं दृष्ट्वा तु बाह्यतः ।
तत्त्वीभूतस्तदारामः तत्त्वादप्रच्युतो भवेत् ॥
माण्डूक्यकारिका २:३८

આત્મા અને જીવનો સંબંધ દર્શાવવા માટે આકાશનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. અપરિછિન્ન એટલે મર્યાદા વિનાના સર્વત્ર એકરસ વ્યાપક એવા મુખ્ય સ્થૂલ મહાકાશની સાથે આત્માને સરખાવવામાં આવ્યો છે. ઘડાની ઉપાધિને કારણે વિભિન્ન દેખાતા પણ વસ્તુત: અભિન્ન એવા ઘટાકાશની સાથે જીવને સરખાવવામાં આવ્યો છે. ઘડામાં રહેલું આકાશ -ઘટાકાશ જેમ મુખ્ય આકાશ -મહાકાશથી ભિન્ન નથી તેવી રીતે જીવો આત્માથી ભિન્ન નથી. જીવોનું સર્જન ઉપાધિ વડે કરીને દેખાય છે. વસ્તુત: જેમ ઘટાકાશનું મહાકાશથી ભિન્ન અસ્તિત્વ જ નથી તેમ જીવોનું અસ્તિત્વ- સર્જન વસ્તુત: સત્ય નથી.[૬૮] જેમ ઘડો ભાંગી જતા ઘટાકાશ ને મહાકાશની ભિન્નતાનો વિલય થાય છે, તેમ, દેહનો નાશ થતાં જીવો પણ આત્મામાં લય પામે છે. આમ, પારમાર્થિક દૃષ્ટિએ તો સર્જન કે લય બન્નેમાંથી એક પણ સત્ય નથી.[૬૯]

જેમ એક ઘટમાં રહેલુ આકાશ ધૂમ્ર આદિથી મેલું થાય તો તેનાથી બીજા ઘડાઓના આકાશને કશી અસર થતી નથી તેવીરીતે એક જીવના સુખદુ:ખની અસર બીજા જીવોને થતી નથી.[૭૦]

...........

[૬૮] જુઓ પાદટીપ ૧૧ :અ:

૬૯ घटादिषु प्रलीनेषु घटाकाशादयो यथा ।
आकाशे संप्रलीयन्ते तद्वज्जीवा इहाऽऽत्मनि ।।
माण्डूक्यकारिका ३:४

७० यथैकस्मिन्घटाकाशे रजोधूमादिभिर्युते ।
न सर्वे संप्रयुज्यन्ते तद्वज्जीवा: सुखादिभि: ।।
माण्डूक्यकारिका ३:५

આત્માથી અવિદ્યા વડે દેહાદિ સંઘાતો સ્વપ્નની માફક ભ્રમ વડે ઉત્પન્ન થતાં દેખાય છે. તૈત્તિરીય ઉપનિષદ્માં રસાદિ પંચકોષ દેહના સંઘાત રૂપે વર્ણવાયા છે. આ પંચકોશમાં આત્મા વડે જીવનધારણનો ઉલ્લેખ છે. આ પરમ આત્માને જ આકાશ તરીકે વર્ણવાયો છે. આત્મા જ અવિધ્યા વડે પંચકોશને સર્જે છે.[૭૧] અદ્વય પારમાર્થિક દૃષ્ટિએ પરમ સત્ય છે, એટલે દ્વૈત માત્ર તેનું કાર્ય અથવા ભેદ છે, શાસ્ત્રમાં પણ આ અદ્વૈત મતને ટેકો છે. વળી મૂર્છા, સમાધિ કે નિદ્રામાં મનની પ્રવૃત્તિઓ બંધ થતાં દ્વૈતનું દર્શન થતું નથી એટલે દ્વૈત અદ્વૈતનો કાર્યભેદ જ છે. શ્રી. ગૌડપાદાચાર્ય એટલે જ કહે છે કે દ્વૈતવાદીઓ સાથે અદ્વૈતનો વિરોધ નથી કારણ કે અદ્વૈતના કાર્ય કે ભેદ તરીકે કહેવાતું દ્વૈત વસ્તુતઃ અસ્તિત્વ જ ધરાવતું નથી. જે કંઇ છે તે અદ્વય પરબ્રહ્મ જ છે. એટલે પારમાર્થિક દૃષ્ટિએ અસ્તિત્વ નહીં ધરાવતા દ્વૈત સાથે અદ્વૈતવાદીને કશો વિરોધ નથી. ધર્મગ્રંથોમાં અદ્વૈતના કાર્ય તરીકે દ્વૈતને ગણવામાં આવ્યું છે. કાર્યકારણની દૃષ્ટિએ જોઇએ તો દ્વૈત અદ્વય પરબ્રહ્મનું કાર્ય હોવાને કારણે તેનાથી ભિન્ન હોવું જોઇએ. કારણ અને કાર્ય બન્ને ભિન્ન હોવાં જોઇએ. વળી શ્રુતિમાં કહેવાયું છે કે બધી નામરૂપો ધરાવતી વસ્તુઓ માટીના ભિન ભિન્ન પદાર્થોની માફક માત્ર કહેવા પૂરતી જ સત્ય છે, વસ્તુતઃ સત્ય નથી. માટીની માફક માત્ર કારણ જ પરમ સત્ય છે. માટીની ભિન્ન ભિન્ન ચીજો જેમ કે, ઘરણી, માટલી ઇત્યાદિનો નાશ થતાં શેષ રહેતી માટી-મૂળ કારણનું અસ્તિત્વ મટી જતું નથી તેવીરીતે કાર્યમાત્ર અસત્ય હોવા છતાં તેનું કારણ સત્ય જ હોય છે. કારણ તેની સાથે તેનો કશો વિરોધ હોતો નથી. તેવીજ રીતે અદ્વૈત કે જે દ્વૈતનું કારણ મનાય છે તેને દ્વૈત સાથે કશો વિરોધ નથી.

...........

૭૧ रसादयो हि ये कोशा व्याख्यातास्तैत्तिरीयके ।
तेषामात्मा परो जीवः स्वं यथा संप्रकाशितः ॥

माण्डूक्यकारिका ३:११

અદ્વૈતવાદી અજ્ઞાનદશામાં દ્વૈત ભાવનું અસ્તિત્વ સ્વીકારે છે પરંતુ તેની સત્યતા સ્વીકારતો નથી એટલે પણ પારમાર્થિક દૃષ્ટિએ, અદ્વૈતનો દ્વૈત સાથે કશો વિરોધ નથી કારણ કે દ્વૈતનું વસ્તુતઃ અસ્તિત્વ છે જ નહીં.[૭૨]

પરબ્રહ્મને જાણનાર અદ્વૈતવાદી તો દ્વૈતવાદીના આત્મા સાથે પણ અદ્વૈત જ અનુભવે છે, એટલે એ રીતે પણ અદ્વૈતવાદી ને દ્વૈતવાદી સાથે કોઇપણ પ્રકારે વિરોધ નથી.

અદ્વય અજન્મા પરબ્રહ્મમાં દેખાતો નામ રૂપાત્મક ભેદ માત્ર ભ્રમ-માયા વડે જ દેખાય છે. કારણ કે જો તત્ત્વતઃ બન્ને વચ્ચે ભેદનો સ્વીકાર કરવામાં આવે તો અમર્ત્ય પરબ્રહ્મને પણ વિશ્વના નામ રૂપાત્મક દેખાવોની માફક જ મર્ત્યત્વ સ્વીકારવું પડે અથવા અદ્વૈતની માફક દ્વૈતને પણ પરમ સત્ય તરીકે સ્વીકારવું પડે, પણ તે શક્ય નથી. આ પરિસ્થિતિ દૂર કરવા માટે શ્રી. ગૌડપાદાચાર્ય કહે છે કે અદ્વય પરબ્રહ્મ જ પરમ સત્ય છે. રજ્જુનું સર્પ તરીકે અથવા એક ચન્દ્રનું

...........

૭૨ (अ) स्वसिद्धान्तव्यवस्थासु द्वैतिनो निश्चिता दृढम् ।
परस्परं विरुध्यन्ते तैरयं न विरुध्यते ॥

माण्डूक्यकारिका ३:१७

(ब) अद्वैतं परमार्थो हि द्वैतं तद्भेद उच्यते ।
तेषामुभयथा द्वैतं तेनायं न विरुध्यते ॥

माण्डूक्यकारिका ३:१८

અનેક ચન્દ્ર તરીકે થતું દર્શન જેવી રીતે દૃષ્ટિદોષને આભારી છે તેવી જ રીતે અદ્વય પરબ્રહ્મનું ભિન્નરૂપે થતું દર્શન માયા અથવા દૃષ્ટાના ભ્રમને લીધે જ છે.[૭૩]

શાસ્ત્રના પ્રમાણો અનુસાર આત્માને તેના સ્વભાવ વડે જ અજન્મા અને અદ્વય અને અમર્ત્ય સ્વીકારવામાં આવ્યો છે. હવે જો ભિન્ન રૂપાત્મક દેખાવોને સત્ય માનવામાં આવે તો સ્વભાવથી જ અજન્મા, અદ્વય, અમર્ત્ય આત્માને મર્ત્ય સ્વીકારવો પડે. પણ પ્રમાણોથી વિરુધ્ધ જઇને અદ્વય પરબ્રહ્મ આત્માનો સ્વભાવ મર્ત્ય છે તેમ સ્વીકારી શકાય નહીં. એટલે જ અજન્મા, અદ્વય પરબ્રહ્મમાં દેખાતો ભેદ માયા- અજ્ઞાન વડે કરીને જ દેખાય છે, એમ સ્વીકારવું પડે છે. એટલે દ્વૈતને પરમ સત્ય તરીકે સ્વીકારી શકાય નહીં.

અમર્ત્ય પરબ્રહ્મ પોતાનો સ્વભાવ બદલી શકે નહીં એટલે વિશ્વનું સર્જન પરબ્રહ્મમાંથી થયું છે તે મત સાચો નથી કારણ કે પરબ્રહ્મ કે જેના સ્વભાવમાં જ મર્ત્યપણું નથી તે મર્ત્ય વિશ્વને જન્મ આપી શકે જ નહીં.[૭૪]

...........

૭૩ मायया भिद्यते ह्येतन्नान्यथा जं कथंचन ।
तत्त्वतो भिद्यमाने हि मर्त्यताममृतं व्रजेत् ॥
माण्डूक्यकारिका ३:१९

૭૪ (अ) अजातस्यैव भावस्य जातिमिच्छन्ति वादिनः ।
अजातो ह्यमृतो भावो मर्त्यतां कथमेष्यति ॥
माण्डूक्यकारिका ३:२०

(ब) न भवत्यमृतं मर्त्यं न मर्त्यममृतं तथा ।
प्रकृतेरन्यथा भावो न कथंचिद्भविष्यति ॥
माण्डूक्यकारिका ३:२१

(क) स्वभावेनामृतो यस्य भावो गच्छति मर्त्यताम् ।
कृतकेनामृतस्तस्य कथं स्थास्यति निश्चलः ॥
माण्डूक्यकारिका ३:२२

શ્રી. ગૌડપાદાચાર્ય શાસ્ત્રના આધારો આપીને પણ દર્શાવે છે કે અદ્વય પરબ્રહ્મનું ભિન્ન રૂપાત્મક દર્શન માયા વડે જ થાય છે. આત્મામાં કોઇપણ પ્રકારે નાનાત્વ નથી. "ઇન્દ્ર માયા વડે" જેવા શાસ્ત્રાધારો દર્શાવે છે કે વિશ્વનું સર્જન ભ્રમ અથવા માયા વડે જ થાય છે: દેખાય છે. વસ્તુત: સર્જન શકય જ નથી. અગ્નિ જેવીરીતે ગરમ તેમજ ઠંડો બન્ને હોઇ શકે નહીં તેવી જ રીતે સનાતન આત્મા અનિત્ય વિશ્વને જન્મ આપે એમ બની શકે નહીં. કારણ કે બન્ને એક બીજાના સંપૂર્ણ વિરોધી છે. આત્મા વડે સત્ય સ્વરૂપે વિશ્વનો જન્મ આ કારણે પણ શકય નથી.

ઇન્દ્ર-પરમાત્મા માયા વડે ભિન્ન ભિન્ન રૂપો કલ્પે છે. અહીં માયા શબ્દ દ્વારા પદાર્થોનો જ્ઞાનેન્દ્રિયો સાથેનો ભ્રામક સંબંધ દર્શાવાયો છે. આ જ્ઞાન પરમ સત્ય પરબ્રહ્મ વિષે નું જ્ઞાન સૂચવતું નથી. પરિણામે માયા વડે દેખાતું સર્જન સત્ય નથી. ભ્રામક છે.[૭૫]

વળી શ્રી. ગૌડપાદાચાર્ય એક બીજો પણ શાસ્ત્રનો આધાર આપે છે કે વિશ્વ સર્જનના મનાતા પરમ કારણ હિરણ્યગર્ભ- સંભૂતિની પૂજા કરનાર ગાઢ અંધકારમાં પ્રવેશ કરે છે. ઇશાવાસ્યોપનિષદ્ના આ આધાર દ્વારા

............

૭૫ नेह नानेति चाऽऽम्नायादिन्द्रोमायाभिरित्यपि ।
अजायमानो बहुधा मायया जायते तु सः ॥

माण्डूक्यकारिका ३:२४

શ્રી. ગૌડપાદાચાર્ય આખી યે સર્જનની પ્રક્રિયાનો ઇન્કાર કરતાં, આત્માનું કોણ કારણ બની સર્જન કરશે, એવા નકારાત્મક પ્રશ્ન વ્દારા સૂચવે છે. આ કોઇ કારણમાંથી જન્મ્યો નથી, અથવા એમાંથી કોઇ વસ્તુનો જન્મ પણ થયો નથી.[૭૬]

આત્માનું સૂક્ષ્મ સ્વરૂપ નામરૂપો વડે સમજાવી શકાય તેમ નથી. એટલે જ આત્માને નેતિ નેતિ એમ કહીને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આત્માનું સ્વરૂપ એટલું સૂક્ષ્મ અને ગૂઢ હોઇ તેને કોઇ નામરૂપો કે વિચાર વ્દારા સમજાવી શકાય નહીં.[૭૭] કોઇપણ નામ રૂપ સાથે તેનો સંબંધ દર્શાવી શકીએ તો આત્માનું સૂક્ષ્મસ્વરૂપ છે એમ દર્શાવી શકાય નહીં. આત્માનું અવિકારી અને અવ્યાકૃત સ્વરૂપ છે એમ કહી શકીએ નહીં એટલા જ માટે શ્રુતિમાં આત્માનું સ્વરૂપ સમજાવતાં બધા પ્રકારના વ્દૈતનો ઇન્કાર કરી અવ્દય આત્માની જ પ્રસ્થાપના કરવામાં આવી છે. આત્માથી વ્યતિરિકત એવા

...........

૭૬ संभूतेरपवादाच्च संभवः प्रतिषिध्यते ।
को न्वेनं जनयेदिति कारणं प्रतिषिध्यते ।।

माण्डूक्यकारिका ३:२५

૭૭ स एष नेति नेतीति व्याख्यातं निह्नुते यतः ।
सर्वमग्राह्यभावेन हेतुना जं प्रकाशते ।।

माण्डूक्यकारिका ३:२६

કોઇ નામરૂપનું અસ્તિત્વ સ્વીકારવું એ વસ્તુતઃ ભ્રમ જ છે. એટલે જ શ્રી. ગૌડપાદાચાર્ય કહે છે કે અદ્વય અજ-મા આત્મા પારમાર્થિક દૃષ્ટિએ અવિકારી હોઇ વસ્તુતઃ તેમાંથી કશાનું સર્જન થતું જ નથી. આત્મા વિવિધ રૂપો ધારણ કરે છે, એવું જે દેખાય છે તે વસ્તુતઃ માયાભ્રમને કારણે જ છે. વસ્તુતઃ સત્ય નથી. અને આ ભ્રમ માયા અધિષ્ઠાન તરીકે આત્માનું સત્ય અસ્તિત્વ સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. ભ્રામક અથવા સત્ય કોઇપણ પ્રકારના સર્જન માટે કારણનું અસ્તિત્વ હોવું અનિવાર્ય છે. અજ-મા આત્માને આ ભ્રમના સત્ય કારણ તરીકે સ્વીકાર્યા પછી અદ્વય અજ-મા આત્માથી થતું વિશ્વનું સર્જન સત્ય માનીએ તો આત્માનું મૂળ સ્વરૂપ કાયમ રહેતું નથી. કારણ કે બન્ને વચ્ચે કાર્યકારણ સંબંધ જળવાતો નથી. આત્માનું કારણ અને તે કારણ નું કારણ એમ કારણોની પરંપરાને માનવી પડે છે, અને તેમ થતાં અનવસ્થા દોષ ઊભો થાય છે. વિશ્વના સર્જન ને આત્માનું કારણ માનીએ તો કારણની પરંપરાને પણ માનવી પડે અને તેમ થતાં તર્કદોષ થાય છે. એટલે અદ્વય અજ-મા આત્માને પરમ સત્ય તરીકે સ્વીકાર્યા પછી વસ્તુતઃ વિશ્વના સર્જનને સત્ય માની શકાય તેમ છે જ નહીં. વિશ્વ, વિશ્વના સર્જનને સત્ય માની શકાય તેમ છે જ નહીં. વિશ્વ, સર્જનને વ્યાવહારિક દૃષ્ટિએ માત્ર અજ્ઞાન- અવિધ્યા વડે દેખાતા ભ્રામક દેખાવ તરીકે જ સ્વીકારી શકાય. વસ્તુતઃ પારમાર્થિક દૃષ્ટિએ કશાનું સર્જન થયું જ નથી.[૭૮]

...........

૭૮

सतो हि मायया जन्म युज्यते न तु तत्वत: ।
तत्वतो जायते यस्य जातं तस्य हि जायते ।।

माण्डूक्यकारिका ३:२७

આ અંગે શ્રી. ગૌડપાદાચાર્ય એક સુન્દર દૃષ્ટાંત આપે છે. જેવી રીતે વન્ધ્યા સ્ત્રીને સત્ય સ્વરૂપે અથવા ભ્રામક સ્વરૂપે પણ પુત્રનો જન્મ સંભવતો નથી તેવી રીતે માયા વડે કરીને અથવા સત્ય સ્વરૂપે બેમાંથી કોઇપણ પ્રકારે અસત્ વસ્તુનો જન્મ શકય જ નથી. પરમ સત્ય અદ્વય આત્માને અજન્મા સ્વીકારીએ તો કોઇપણ પ્રકારે વિશ્વનું સર્જન શકય નથી. વિશ્વનું સર્જન - ભ્રમ -માયા વડે થયું છે એમ સ્વીકારીએ તો પણ વિશ્વનું અસ્તિત્વ અસત્ય હોઇ વસ્તુત: તેનો જન્મ થયો નથી, એમ સ્વીકારવું પડે. આમ બન્ને રીતે—પરમાર્થત: વિશ્વનું સર્જન સંભવિત જ નથી.[૭૯]

શ્રી. ગૌડપાદાચાર્ય આ ભ્રામક દેખાવનું કારણ પણ સ્પષ્ટ રીતે દર્શાવે છે.

સ્વપ્નમાં માયા-અજ્ઞાન વડે જેમ મન દૃષ્ટાદૃશ્ય સંબંધ દ્વૈતભાવે અનુભવે છે તેવી જ રીતે જાગ્રત અવસ્થામાં પણ મન અજ્ઞાન વડે દૃષ્ટાદૃશ્ય સંબંધ દ્વૈત ભાવે અનુભવે છે.[૮૦] જેવી રીતે એક મન સ્વપ્નમાં દ્વૈત ભાવને પામે છે તેવા જ રીતે દૃષ્ટા અને દૃશ્યની આખીયે પ્રક્રિયામાં ભિન્ન રૂપે મન દેખાય છે. મન વડે અનુભવાતા આ સર્વ ભિન્ન રૂપાત્મક પદાર્થો વસ્તુત: મન જ છે. મનથી ભિન્ન તેનું અસ્તિત્વ નથી.[૮૧] મન અમન થતાં, મનની વૃત્તિઓનો લય થતાં દ્વૈત

...........

[૭૯] જુઓ, પાદટીપ, ૧૦

[૮૦] यथा स्वप्ने द्वयाभासं स्पन्दते मायया मन: ।
तथा जाग्रद्द्वयाभासं स्पन्दते मायया मन: ।।
माण्डूक्यकारिका ३:२९

[૮૧] જુઓ, પાદટીપ, ૩૮

ભાવનો અનુભવ થતો નથી. મન કલ્પના કરવાનું પોતાનું કાર્ય કરે છે ત્યારે જ દ્વૈતભાવનો મનને અનુભવ થાય છે પણ જ્યારે આત્મઅનાત્મ વિવેક અને વૈરાગ્ય દ્વારા સત્યજ્ઞાનની પ્રાપ્તિ થતાં મનની વૃત્તિઓનું અંતરમાં શમન કરવામાં આવે ત્યારે મન કાર્ય કરતું અટકી જાય છે, અને દ્વૈતભાવનો વિલય થાય છે, એટલે ભિન્ન રૂપાત્મક વિશ્વનો આ દેખાવ વસ્તુતઃ અસત્ય છે. ભ્રામક છે તે પણ સ્પષ્ટ પ્રતીત થાય છે.[૮૨]

શ્રી. ગૌડપાદાચાર્ય અજાતવાદનો પોતાનો સિધ્ધાંત દૃઢપણે રજૂ કરે છે કે આત્માના પરમ સત્યનું જ્ઞાન થતાં મનનું આત્મામાં શમન થાય છે. મનનું શમન થતાં મન કલ્પના કરતું અટકી જાય છે. મન અમન થતાં બધાં પદાર્થો સાથેનો મનનો સંબંધ પૂર્ણ થાય છે. પરિણામે સર્વ પ્રકારના અનુભવ અંગેના વિચારમાંથી પણ મન મુકત થાય છે. અને આત્માનું પરમ જ્ઞાન પ્રાપ્ત થતાં મન પરબ્રહ્મ સાથે તાદાત્મ્ય અનુભવે છે. નિર્વિકલ્પ નિગૃહીત મનને જાણનાર પરમ સત્ય આત્માના સ્વરૂપને જાણે છે.[૮૩] શ્રી. ગૌડપાદાચાર્ય કહે છે કે આ પરબ્રહ્મનું સ્વરૂપ અજન્મા, નામ, રૂપ, સ્વપ્ન, નિદ્રા આદિથી મુકત, સર્વજ્ઞ અને મનની બધી પ્રવૃત્તિઓથી પર હોઇ અજ્ઞાન પ્રાપ્ત કરનાર જીવ પરમશાંતિ, અભયપણું અને પરમજ્યોતિ પ્રાપ્ત કરે છે.[૮૪] પરમસત્ય પરબ્રહ્મ બધા પદાર્થો સાથેના સંબંધ - સ્પર્શથી મુકત હોઇ તેની પ્રાપ્તિ માટે

...........

[૮૨]જુઓ પાદટીપ ૧૪ અને ૧૩:૨:

[૮૩]જુઓ પાદટીપ ૧૩ :૩:

૮૪ (अ) अजमनिद्रमस्वप्नमनामकमरूपकम् ।
सकृद्विभातं सर्वज्ञं नोपचारः कथंचन ॥
माण्डूक्यकारिका ३:३६

(ब) सर्वाभिलापविगतः सर्वचिन्तासमुत्थितः ।
सुप्रशान्तः सकृज्ज्योतिः समाधिरचलोऽभयः ॥
माण्डूक्यकारिका ३:३७

સ્વરૂપ જ્ઞાન માટે શ્રી. ગૌડપાદાચાર્ય અસ્પર્શયોગનો માર્ગ દર્શાવે છે. આ અસ્પર્શયોગ દુર્લભ છે, પરંતુ મનનું આત્મામાં શમન કરનાર સંયમી પુરુષોને માટે તો આ યોગ સહેલો જ છે.[૮૫] શ્રી. ગૌડપાદાચાર્ય આ અસ્પર્શયોગ સિધ્ધ કરવા માટેની સહેલી રીત આ પ્રમાણે સમજાવે છે: સર્વ પ્રકારનાં દુ:ખો દૂર કરવા માટે અભયપદ તથા આત્માનું જ્ઞાન અને પરમ શાંતિ પ્રાપ્ત કરવા માટે મનનો નિગ્રહ અનિવાર્ય છે. જેમ કુશદર્ભથી આખો સમુદ્ર ટીપે ટીપે ખાલી કરવા માટે અવરોધ વિનાનો સતત પ્રયત્ન અનિવાર્ય છે, તેવી જ રીતે મનોનિગ્રહ–મનના સંયમ માટે પણ સતત પ્રયત્ન ~~કાળ કળે સંયમમાં રાખવા માટે પણ સતત પ્રયત્ન~~ અનિવાર્ય છે.[૮૬] કામભોગ અને વિષયેચ્છાઓમાં વિક્ષિપ્ત થતા મનને સંયમમાં રાખવા માટે થાકયા વગર સતત પ્રયત્ન કરવો પડે છે.[૮૭] મનનો કોઇ વાર સમાધિમાંથી પ્રાપ્ત થતા આનંદમાં પણ લય થાય છે. આ આનન્દમાં થતો મનનો લય વિષયેચ્છામાં વિક્ષિપ્ત થતા મનની માફક જ હાનિકર્તા છે.[૮૮]

કામભોગ, વિષયેચ્છાઓ – આ સર્વના અંતે તો દુ:ખ જ છે એમ યાદ રાખી તેમાંથી મનને પાછું વાળવું જોઇએ. આ સર્વ પરબ્રહ્મ વિના બીજું કશું જ નથી એમ પ્રતિપળે અનુભવનાર દ્વૈતભાવને પામતો નથી. શ્રી. ગૌડપાદાચાર્ય સ્પષ્ટ કહે છે કે જો મન સમાધિમાં લીન થયું હોય તો ફરીથી તેને જાગ્રત કરો. જો તે

............

૮૫ अस्पर्शयोगो वै नाम दुर्दर्श: सर्वयोगिभि: ।
योगिनो बिभ्यति ह्यस्मादभये भयदर्शिन: ॥

माण्डूक्यकारिका ३:३९

૮૬ उत्सेक उदधेर्यद्वत्कुशाग्रेणैकबिन्दुना ।
मनसो निग्रहस्तद्वद्भवेद परिखेदत: ॥

माण्डूक्यकारिका ३:४१

૮૭ (अ) उपायेन निगृह्णीयाद्विक्षिप्तं कामभोगयो: ।
सुप्रसन्नं लये चैव यथा कामो लयस्तथा ॥

माण्डूक्यकारिका ३:४२

(ब) दु:खं सर्वमनुस्मृत्य कामभोगान्निवर्तयेत् ।
अजं सर्वमनुस्मृत्य जातं नैव तु पश्यति ॥

माण्डूक्यकारिका ३:४३

વિષયોપભોગમાં વિક્ષિપ્ત થયું હોય તો તેને સમતાની દશામાં પાછું લાવો. તેને બરાબર ઓળખો. જો મનને સમતાની દશા પ્રાપ્ત થઇ હોય તો તેમાંથી મનને ચલાયમાન કરશો નહીં. સમાધિની સ્થિતિમાંથી પ્રગટતા આનંદનો ઉપભોગ પણ મનને કરવા દેશો નહીં. વિવેક દ્વારા આવા સુખના વળગણથી પણ મનને મુકત રાખશો. મનને એક વખત નિશ્ચલતા પ્રાપ્ત થયા પછી તે બહિર્મુખ થાય તો તેને ફરીથી પ્રયત્ન કરીને આત્મા સાથે જોડજો. જ્યારે ચિત્ત લય પામે નહીં અથવા વિક્ષિપ્ત થાય નહીં એટલે કે જ્યારે મન નિશ્ચલ થાય અને કોઇપણ પ્રકારના દ્વૈતભાવાત્મક દેખાવો જુએ નહીં ત્યારે તે પરબ્રહ્મ સ્વરૂપને પ્રાપ્ત કરે છે.[૮૯] મનને સંયમમાં લાવનાર અસ્પર્શયોગનું આ જ પરિણામ છે. આત્માના સાક્ષાત્કારનું પરિણામ આ પરમ આનંદ છે. પરમ શાંતિ, પરમ મુકિત અને પરમ આનંદ સ્વરૂપ આત્મા અનિર્વાચ્ય અને અજન્મા છે. સત્યજ્ઞાનના હેતુરૂપ અજન્મા આત્માનું સ્વરૂપ સર્વજ્ઞ પરબ્રહ્મના સ્વરૂપથી વ્યતિરિકત નથી.[૯૦]

...........

८९ (अ) नाऽऽस्वादयेत्सुखं तत्र निःस प्रज्ञयाभवेत् ।
निश्चलं निश्चरच्चित्तमेकीकुर्यात्प्रयत्नतः ॥

माण्डूक्यकारिका ३:४५

(ब) जुओ, पाद टीप - १५

९० स्वस्थं शान्तं सनिर्वाणमक यं सुखमुत्तमम् ।
अजमजेन ज्ञेयेन सर्वज्ञं परिचक्षुत् ॥

माण्डूक्यकारिका ३:४७

મનના સંયમ માટે દર્શાવવામાં આવેલા વિચારો પરમ સત્યના સ્વરૂપને પામવા માટેનાં માત્ર સાધનો છે. અજ્ઞાન દશાને કારણે દ્દૈતભાવને સત્ય માની એમાં જ રચ્યા પચ્યા રહેલા માનવીને પરમ સત્યના દર્શનમાં એ માત્ર સહાયકારી છે.

વસ્તુતઃ પરમ સત્ય એ છે કે બ્રહ્મમાંથી કે બ્રહ્મથી અતિરિકત કોઇપણ પ્રકારે જીવનો જન્મ થયો નથી. આ જીવો ઉત્પન્ન કરવા માટેના કોઇ કારણનું પણ અસ્તિત્વ નથી. આ જ પરમ સત્ય છે કે કશાનો વસ્તુતઃ જન્મ જ થયો નથી.[૬૧]

ચોથા પ્રકરણ 'અલાતશાન્તિ' પ્રકરણમાં શાશ્વત સત્ય પરબ્રહ્મના સ્વીકાર દ્દારા શૂન્યવાદનું નિરસન કરવા માટે અને મનની બહિર્મુખી વૃત્તિઓના સંબંધ દ્દારા થતા આ દ્દૈત પ્રપંચના ભ્રમને બદલે અદ્દૈતનો અનુભવ થાય તે માટે શ્રી. ગૌડપાદાચાર્યે આ પ્રકરણમાં વિચાર રજૂ કર્યો છે.

'અલાત શાન્તિ' પ્રકરણના પ્રારંભમાં દ્દૈતવાદના સિધ્ધાંતોની અનવસ્થા દર્શાવવા માટે સાંખ્ય અને ન્યાય(વૈશેષિક તથા મીમાંસાવાદીઓના વિશ્વ સર્જનના વિવિધ મતો રજૂ કરી શ્રી. ગૌડપાદાચાર્યે તેનું નિરસન કર્યું છે અને અદ્દૈતમતની પ્રસ્થાપના કરી છે.

મીમાંસાવાદીઓએ કારણ અને કાર્ય વચ્ચેનો સંબંધ દર્શાવવા માટે હેતુ તરીકે બીજ અને અંકુરનું દૃષ્ટાંત આપ્યું છે, પરન્તુ બીજ અને અંકુર વચ્ચેનો કાર્ય-કારણ સંબંધ અને બેમાંથી કોને અનાદિ કહેવું તે નકકી થઇ શકે તેમ નથી. કાર્ય અને કારણ બન્નેના ક્રમ અને પરંપરાનું અજ્ઞાન કાર્યકારણના સિધ્ધાંતને અસત્ય ઠરાવે છે, પરિણામે જેમાં કોઇપણ પ્રકારનું સર્જન વસ્તુતઃ સ્વીકારાયું નથી

...........

૬૧ न कश्चिज्जायते जीवः संभवोऽस्य न विद्यते ।
एतत्तदुत्तमं सत्यं यत्र किंचिन्न जायते ॥

माण्डूक्यकारिका ३:४८

એવા અજાતવાદનો દૃઢપણે સ્વીકાર થાય છે.[૯૨]

ખરેખર કારણમાંથી કાર્યનો એટલે કે આત્મામાંથી જીવનો પ્રાદુર્ભાવ થયો હોય તો તેની પહેલાનું કારણ પણ દર્શાવી શકાય. પરંતુ આત્માને બીજા કોઇ કારણનું કાર્ય માનવામાં આવે તો તે કારણ દર્શાવી શકાય તેમ નથી. આ કારણનું તથા તેની કાર્યકારણ પરંપરાનું અજ્ઞાન હોવાને કારણે આપણે છેવટે અજાતવાદનો સિધ્ધાંત સ્વીકારવો પડે છે.[૯૩] જેમાં વસ્તુત: કોઇપણ પ્રકારે જન્મનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. શ્રી. ગૌડપાદાચાર્ય સ્પષ્ટ કહે છે કે અસ્તિત્વ ધરાવતી તેમ જ બિનઅસ્તિત્વ ધરાવતી એવી કોઇ વસ્તુનો વસ્તુત: જન્મ થયો જ નથી. કોઇપણ વસ્તુનો પોતાનામાંથી કે બીજી કોઇ વસ્તુમાંથી, અને બન્ને રીતે એમ કોઇપણ પ્રકારે વસ્તુત: જન્મ થયો જ નથી. કાર્ય અને કારણ અંગેના છ અનુમાનોનો સદંતર ઇન્કાર કરી સર્જનના ભિન્ન રૂપાત્મક દેખાવોનું કારણ અજ્ઞાન - અવિદ્યાને ગણાવે છે. અને પોતાનો અજાતવાદનો સિધ્ધાંત દૃઢપણે જાહેર કરે છે.[૯૪]

વિજ્ઞાનવાદીઓ તથા શૂન્યવાદીઓના વિચારને શ્રી. ગૌડપાદાચાર્ય પોતાની રીતે ઘટાવી તર્કયુકત દલીલથી પુરવાર કરે છે કે મન બાહ્ય પદાર્થના અસ્તિત્વ વિના પણ તેનો અનુભવ કરે છે, તેવી જ રીતે મન પણ વસ્તુત: અજન્મા હોવા છતાં જન્મેલું અને અનુભવ કરતું દેખાય છે. વસ્તુત: જેમ બાહ્ય

...........

૯૨ अशक्तिरपरिज्ञानं क्रमकोपोऽथ वा पुन: ।
एवं हि सर्वथा बुधै: अजाति: परिदीपिता ।।
माण्डूक्यकारिका ४:१९

૯૩ पूर्वापरापरिज्ञानम् अजाते: परिदीपकम् ।
जायमानाद्धि वै धर्मात् कथं पूर्वं न गृह्यते ।।
माण्डूक्यकारिका ४:२१

૯૪ स्वतो वा परतो वाऽपि न किंचिद्वस्तु जायते ।
सदसत्सदसद्वाऽपि न किंचिद्वस्तु जायते ।।
माण्डूक्यकारिका ४:२२

પદાર્થનું અસ્તિત્વ નથી તેમ મનનું પણ અસ્તિત્વ નથી. ચિત્ત અને ચિત્ત દશ્યનો વસ્તુતઃ જન્મ જ થયો નથી.[૯૫] વિજ્ઞાનવાદીઓ માને છે કે મન દુઃખોથી પૂર્ણ અને સ્વભાવે અનાત્મા હોઇ ક્ષણિક છે. તે માને છે કે બધા પદાર્થોનું મનમાં વાસના-વિચારો રૂપે અસ્તિત્વ રહેલું છે, અને બધા વિચારો ક્ષણિક છે. આમ, બધા બાહ્ય પદાર્થો મનની સ્થિતિના કારણે જ છે, માત્ર ચિત્ત સ્પંદન જ છે. આનો જવાબ શ્રી. ગૌડપાદાચાર્ય આપે છે. મન જો ક્ષણિક હોય તો એક ક્ષણમાં અને બીજી ક્ષણમાં રહેલા ચૈતન્ય વચ્ચે કોઇ સંબંધ દર્શાવી શકાય નહીં કારણ કે મન પોતે જ વિકાર - ફેરફારના સ્વભાવવાળું છે. એટલે મનને ક્ષણે ક્ષણે જન્મ ધારણ કરતું માનવું પડે પરંતુ તેમ માનીએ તે અર્થ વગરનું છે. આ પ્રમાણે દલીલ કરી શ્રી. ગૌડપાદાચાર્ય વિજ્ઞાનવાદીના મતને આગળ ધપાવી આત્માની પ્રાણ પ્રતિષ્ઠા દ્વારા અદ્દૈતવાદનો સિધ્ધાંત રજૂ કરે છે.

મનમાં થતા આ ક્ષણિક વિકારનો અનુભવ કરનાર કોઇ દ્રષ્ટાને માનવાની અનિવાર્યતા ઉપર ભાર મૂકી " તે દ્રષ્ટા તે આત્મા" એમ શ્રી. ગૌડપાદાચાર્ય વિજ્ઞાનવાદીના મતને અસત્ય ઠરાવે છે. શૂન્યવાદી તો બધા બાહ્ય પદાર્થોનો અને દ્રષ્ટાનો પણ ઇન્કાર કરે છે. અજન્મા મન અવિકારી હોઇ તેનું સ્વરૂપ અદ્દય પરબ્રહ્મનું જ છે. મનમાં દેખાતા ફેરફારો અજ્ઞાનને કારણે જ છે.

શ્રી. ગૌડપાદાચાર્ય કહે છે કે અજ્ઞાનની દશામાં બંધાયેલો આત્મા જ્ઞાન પ્રાપ્ત થતાં મુકત થાય છે એમ માનનાર આત્માના બંધનને હકીકત તરીકે સ્વીકારે છે. પરન્તુ વસ્તુતઃ તે સાચું નથી, કારણ કે જગતને પણ અજન્મા

...........

૯૫ तस्मान्न जायते चित्तं चित्तदृश्यं न जायते ।
तस्य पश्यन्ति ये जातिं खे वै पश्यन्ति ते पदम् ।।
माण्डूक्यकारिका ४:२८

સ્વીકારવામાં આવે તો આત્માને સનાતન ગણવો જોઇએ. અને જો તે સ્વભાવે સનાતન હોય તો તેને અંતવાળો ગણી શકાય નહીં, એટલે બંધન કે મોક્ષ પણ અનાદિ હોઇ સનાતન છે. બંધનનો નાશ થતાં આપો આપ મોક્ષ પ્રાપ્ત થાય છે. એટલે એ કોઇ પ્રાપ્ત કરવાની વસ્તુ નથી એટલે જ વસ્તુતઃ કોઇ બંધનમાં નથી. કોઇ સાધક કે મુમુક્ષુ નથી. આ બધું પરબ્રહ્મમય છે, અને એ જ પરમ સત્ય છે.૯૬

વ્યાવહારિક જગત અને તેના સંબંધોને સમજાવતા શ્રી. ગૌડપાદાચાર્ય કહે છે કે બાહ્ય પદાર્થોનું અસ્તિત્વ પ્રારંભમાં એટલે કે બાહ્ય પદાર્થોનો અનુભવ થયો તે પહેલાં આદિમાં નહોતું તેમજ તેનો અનુભવ થતો અદૃશ્ય થાય ત્યારે અંતમાં પણ તેનું અસ્તિત્વ નથી. માત્ર વર્તમાનમાં અનુભવાતું હોઇ મધ્ય વ્યકત (Middle Apparent) હોવાને કારણે વસ્તુતઃ તેનું અસ્તિત્વ જ નથી. બાહ્ય પદાર્થોના દેખાવો પણ ભ્રામક હોવા છતાં તેને સત્ય માનવામાં આવે છે પણ વસ્તુતઃ તે સત્ય નથી. ૯૭

જેમ સ્વપ્નમાં તૃષાતુર માનવી વસ્તુતઃ તૃષાતુર હોતો નથી અને જાગ્રત અવસ્થામાં તૃપ્ત હોવા છતાં પણ સ્વપ્નમાં તૃષાતુર હોય છે એટલે જાગ્રત અવસ્થાનું પ્રયોજન સ્વપ્નાવસ્થામાં કામ લાગતું નથી. બન્ને વચ્ચે વિરોધ છે એટલે બન્ને વસ્તુતઃ સત્ય નથી.૯૮ સ્વપ્નમાં અનુભવાતા બધા પદાર્થો અસત્ય છે કારણ કે તે દેહની અંદર અનુભવાય છે. પરબ્રહ્મ અવિભાજ્ય અને અવ્યય સ્વરૂપ હોઇ હાથી, પર્વત આદિ જે પદાર્થો દેહમાં અનુભવાય છે તે પરમ સત્યની દૃષ્ટિએ અસત્ય છે.

............

૯૬ मायामात्रमिदं द्वैतमद्वैतं परमार्थतः ।

माण्डूक्यकारिका १:१७

૯૭ आदावन्ते च यन्नास्ति वर्तमानेऽपि तत्तथा ।
वितथैः सदृशाः सन्तोऽवितथा इव लक्षिताः ॥

माण्डूक्यकारिका ४:३१

૯૮ सप्रयोजनता तेषां स्वप्ने विप्रतिपद्यते ।
तस्मादाद्यन्तवत्त्वेन मिथ्यैव खलु ते स्मृताः ॥

माण्डूक्यकारिका ४:३२

સ્થળ અને કાળની દૃષ્ટિએ જેમ સ્વપ્નના અનુભવો તેમજ અનુભવાતા પદાર્થો મિથ્યા છે, તેવી જ રીતે જાગ્રતમાં પણ છે. અવ્યય, અદ્વય અને અજન્મા આત્મામાં તેમનું ભિન્ન અસ્તિત્વ હોઇ શકે નહીં.

સ્વપ્નમાં ધનિક બનેલો માનવી એક ક્ષણમાં જ જાગ્રત અવસ્થામાં આવતાં જ પોતાને ગરીબ અનુભવે છે, વળી જાગ્રત અવસ્થામાં કરેલી ધર્મચર્યાઓ પરમ સત્ય અનુભવાતા ભ્રામક જણાય છે, કારણ કે બધા જીવો વસ્તુતઃ મુક્ત જ છે. બ્રહ્મજ્ઞાનીને કાર્યકારણ સંબંધ કોઇપણ કાર્યમાં સ્પર્શી શકતો નથી. શ્રી. ગૌડપાદાચાર્ય સ્વપ્નાવસ્થાની માફક જ જાગ્રત અવસ્થાના અનુભવો પણ મિથ્યા - અસત્ય હોવાનું જણાવે છે. સ્વપ્નાવસ્થાનો દૃષ્ટા સ્વપ્નમાં અનેક સ્થળોએ ફરતો દેખાય છે - અનુભવાય છે, ત્યારે જાગ્રત અવસ્થામાં પ્રકૃત દેહ ક્રિયાહીન બની વસ્તુતઃ તો પથારીમાં જ પડ્યો રહે છે. આમ, જાગ્રત અવસ્થાની દૃષ્ટિએ સ્વપ્નાવસ્થાનો દેહ અસત્ય છે. તેવી જ રીતે પરમ સત્યની દૃષ્ટિએ જાગ્રત અવસ્થામાં દેખાતો દેહ પણ અસત્ય જ છે, કારણ કે સ્વપ્નાવસ્થાની દૃષ્ટિએ દેહ પણ દૃષ્ટાના મનના વિચારને કારણે જ છે. સ્વપ્નાવસ્થાના તેમજ જાગ્રત અવસ્થાના,-બન્ને અવસ્થાના પદાર્થો મન વડે અનુભવાતાં હોઇ અસત્ય જ છે. આ અનુભવની સમાનતાના કારણે જાગ્રત અવસ્થાને સ્વપ્નાવસ્થાનું કારણ અને સ્વપ્નાવસ્થાને જાગ્રત અવસ્થાનું કાર્ય માનવામાં આવ્યું છે. બન્ને અવસ્થાઓ વચ્ચે કાર્યકારણ સંબંધ નથી એમ શ્રી. ગૌડપાદાચાર્ય કહે છે. જેવી રીતે જાગ્રત અવસ્થાનું પોતાનું જાગ્રત જગત છે, તેવી જ રીતે સ્વપ્નાવસ્થાનું પણ પોતાનું સ્વપ્ન જગત છે. એક અવસ્થાને સત્ય માનતા બીજી અવસ્થા અસત્ય લાગે છે. વસ્તુતઃ બન્ને અવસ્થાઓ અસત્ય જ છે. વિવેકી પુરુષો સર્જનને સત્ય માનતા નથી, પણ બધાને અજન્મા એટલે અદ્વય બ્રહ્મ સ્વરૂપ જ માને છે.[૯૯]

...........

૯૯ उत्पादस्याप्रसिद्धत्वादजं सर्वमुदाहृतं ।
न च भूतादभूतस्य संभवोऽस्ति कथंचन ।।

माण्डूक्यकारिका ४:३८

શ્રી. ગૌડપાદાચાર્ય જાગ્રત અને સ્વપ્નાવસ્થા વચ્ચેના કાર્યકારણ સંબંધને વ્યાવહારિક દૃષ્ટિએ સત્ય માને છે તેમ છતાં પરમ સત્યની દૃષ્ટિએ બન્ને વચ્ચે કોઈપણ પ્રકારનો કાર્ય-કારણ સંબંધ તે વસ્તુતઃ સ્વીકારતા નથી. તે કહે છે કે અસત્ય વસ્તુનું કારણ અસત્ય વસ્તુ થઈ શકે નહીં, અથવા અસત્ય વસ્તુમાંથી પણ સત્ય વસ્તુ જન્મી શકે નહીં. સત્ય વસ્તુનું કારણ પણ સત્ય વસ્તુ બની શકે નહીં, અને અસત્ય વસ્તુનું કારણ તો સત્ય વસ્તુ કદાપિ બની શકે નહીં, એટલે સ્વપ્નાવસ્થા અને જાગ્રતાવસ્થા-બન્ને વચ્ચેનો કાર્યકારણ-સંબંધ, બંને અસત્ય હોઈ વસ્તુતઃ અસ્તિત્વ ધરાવતો જ નથી.[100] આમ, શ્રી. ગૌડપાદાચાર્ય શૂન્યવાદીઓ, નૈયાયિકો તેમજ સાંખ્યવાદીઓ અને અન્ય મત ધરાવનારાઓની દલીલોનું ખંડન કરી અજાતવાદીની દૃઢપણે સ્થાપના કરે છે. તે સ્પષ્ટ કહે છે કે જાગ્રત અવસ્થામાં અસત્ય જ્ઞાનને કારણે સત્ય દેખાતા પદાર્થોનો સ્વભાવ વર્ણવી શકાય તેમ નથી. સ્વપ્નાવસ્થામાં દેખાતા પદાર્થોનું અસ્તિત્વ જાગ્રત અવસ્થાથી અતિરિક્ત હોઈ સ્વપ્નાવસ્થાની મર્યાદાઓને અનુરૂપ જ તેનું અસ્તિત્વ હોય છે. આમ, જાગ્રતઅવસ્થાના કાર્ય તરીકે સ્વપ્નાવસ્થાને ગણાવી શકાય નહીં. બન્ને વચ્ચે વસ્તુતઃ કશો સંબંધ નથી. બન્ને વસ્તુતઃ અસત્ય જ છે. અદ્વય આત્મા જ પરમ સત્ય છે.[101] પરબ્રહ્મને જગતના સર્જનનું કારણ માનતા શાસ્ત્રના કેટલાક આધારોનો પણ શ્રી. ગૌડપાદાચાર્યે ખુલાસો કર્યો છે. સામાન્ય બુધ્ધિવાળા મુમુક્ષુઓને પરમ સત્યની પ્રાપ્તિ થાય

............

१०० नास्त्यसद्धेतुकमसत् सदसद्धेतुकं तथा ।
सच्च सद्धेतुकं नास्ति सद्धेतुकमसत्कुतः ॥
माण्डूक्यकारिका ४:४०

१०१ उपलम्भात्समाचारात् अस्तिवस्तुत्ववादिनाम् ।
जातिस्तु देशिता बुद्धैः अजातेस्त्रसतां सदा ॥
माण्डूक्यकारिका ४:४२

તે માટે શાસ્ત્ર દ્વારા માર્ગદર્શન મળે અને તે દ્વારા નીતિનિયમોનું પાલન કરી અદ્વૈતાનુભવ થાય તે માટે વ્યાવહારિક સત્યની દૃષ્ટિએ બાહ્ય પદાર્થોનું અસ્તિત્વ સ્વીકારવામાં આવ્યું છે. સામાન્ય વ્યક્તિઓને ધ્યાનમાં રાખીને વ્યાવહારિક સત્યની દૃષ્ટિએ વિશ્વ સર્જનને સત્ય માનવામાં આવ્યું છે. વસ્તુતઃ બાહ્ય પદાર્થોનું કે વિશ્વનું અસ્તિત્વ જ નથી. વસ્તુતઃ અદ્વૈત જ પરમ સત્ય છે. વિશ્વનું વિશ્વ તરીકેનું અસ્તિત્વ સત્ય નથી. પરંતુ વિશ્વનું પરબ્રહ્મ તરીકેનું અસ્તિત્વ જ સત્ય છે. જાદુગરના જાદુઇ હાથીની માફક વિશ્વનું અસ્તિત્વ અનુભવાતું હોવાને કારણે તેમજ એક જીવના બીજા જીવો સાથેના, વિશ્વમાં અનુભવાતા વ્યવહારને કારણે, પ્રતિકાર મળતો હોવાને કારણે વિશ્વને સત્ય માનવામાં આવ્યું છે. પરંતુ વસ્તુતઃ જ્ઞાનેન્દ્રિયોના આ બાહ્ય પદાર્થોનું અસ્તિત્વ અસત્ય જ છે.[૧૦૨] આત્મા વસ્તુતઃ અજન્મ, અદ્વય અને શાન્ત તથા વસ્તુના સ્વભાવથી મુક્ત હોવા છતાં પણ જન્મ લેતા, હાલતા ચાલતા જીવ રૂપે દેખાય છે. પરન્તુ પરમ સત્યની દૃષ્ટિએ આત્મા જીવના આધાર તરીકે કાર્ય કરી શકે નહીં. કારણ કે વસ્તુતઃ જીવનું અસ્તિત્વ જ નથી. મન જન્મતું પણ નથી. વિકાર પામતું પણ નથી. એટલે બધા જીવો અજન્મા હોઇ જન્મ, મરણ આદિ સંઘાતોથી મુક્ત છે. આ સત્ય જે જાણે છે તે ખોટા જ્ઞાનથી લિપ્ત થતો નથી.[૧૦૩]

કાર્યકારણ ભાવના વિચારને અર્થ વગરનો ગણાવી પરમ સત્યની ભૂમિકા ઉપરથી શ્રી. ગૌડપાદાચાર્ય તેનો ઇન્કાર કરે છે. આમ છતાં, બુદ્ધિના નીચલા સ્તર ઉપરથી તેના ઉપયોગને તે નકારતા નથી. પરમ સત્યની ભૂમિકા

...........

૧૦૨ उपलम्भात्समाचारान्मायाहस्ती यथोच्यते ।
उपलम्भात्समाचारादस्ति वस्तु तथोच्यते ॥
माण्डूक्यकारिका ४:४४

૧૦૩ ~~जुवक्रादिकाभासमलातस्पन्दितं यथा ।~~
~~ग्रहणग्राहकाभासं विज्ञानस्पन्दितं तथा ॥~~
~~माण्डूक्यकारिका ४:४७~~
एवं न जायते चित्तमेवं धर्मा अजाः स्मृताः ।
एवमेव विजानन्तो न पतन्ति विपर्यये ॥
माण्डूक्यकारिका ४:४६

પ્રાપ્ત કરવા માટે આધ્યાત્મિક પ્રવૃત્તિઓની આવશ્યકતા તે સ્વીકારે છે. વૈદિક કાલના મુનિઓએ આપેલા બોધમાં પણ કાર્યકારણ સિધ્ધાંતને સત્ય માનવાનું પણ આ જ કારણ છે. વિશ્વ સર્જન અંગેના બધા પૌરાણિક અનુમાનો તથા પરમાત્મા પ્રત્યેના પ્રેમને ભક્તિની આવશ્યકતાને આ દ્રષ્ટિએ જ સમજવાનું શ્રી. ગૌડપાદાચાર્ય સ્પષ્ટ જણાવે છે.

આત્મા અને ભિન્ન રૂપાત્મક દેખાવો- જીવો તેમ જ આ દ્રશ્ય પ્રપંચ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ રીતે સમજાવવા માટે શ્રી. ગૌડપાદાચાર્ય અલાતચક્રનું સુંદર દ્રષ્ટાંત આપે છે.

આ દ્રષ્ટાંત દ્વારા પરમ સત્ય, અદ્વય, અજન્મા આત્માનું સ્વરૂપ પણ શ્રી. ગૌડપાદાચાર્ય યથાર્થ રીતે સમજાવે છે. ઊંબાડિયાના - ફેરવવામાં આવેલા અલાતચક્રના એક જ બિન્દુને અગ્નિ વડે સળગાવવાથી જેવી રીતે અલાત-ચક્રમાં સીધા, વક્ર, એમ વિવિધ પ્રકારના દેખાવો દેખાય છે તેવી જ રીતે આત્મામાં રહેલું ચૈતન્ય તત્વ એક જ હોવા છતાં, જ્ઞાતા, જ્ઞેય-એમ ભિન્ન ભિન્ન રીતે દેખાય છે.[१०४]

અલાતચક્રે ધારણ કરેલાં વક્ર કે સીધાપણાના ગુણો વસ્તુતઃ તેના પોતાના નથી તેમ છતાં તેના છે એવો ભાસ થાય છે, પરન્તુ આ ભ્રામક દેખાવને કારણે આપણે ચૈતન્યને અને તે દ્વારા દેખાતા વિવિધ દેખાવોને એક બીજાની સાથે કાર્યકારણના સંબંધ દ્વારા જોડી શકીએ નહીં, કારણે કે આ દેખાવોનું વસ્તુતઃ અસ્તિત્વ જ નથી.

...........

१०४ ऋजुवक्रादिकाभासमलातस्पन्दितं यथा ।
ग्रहणग्राहकाभासं विज्ञानस्पन्दितं तथा ।।
माण्डूक्यकारिका ४:४७

જેમ અલાતચક્ર માત્ર બિન્દુ હોવા છતાં તેને ગતિ આપી ફેરવવામાં આવે ત્યારે તે વર્તુળ કે સીધી રેખા જેવું દેખાય છે. પરન્તુ આ દેખાવ સત્ય નથી- ભ્રામક છે, વસ્તુતઃ તો બિન્દુ જ ભિન્ન ભિન્ન આકૃતિ રૂપે દેખાય છે, તેવી જ રીતે આત્મા- ચૈતન્ય પણ એક જ છે છતાં અવિદ્યાની વિક્ષેપ શકિત વડે જ આત્મા ચૈતનાનાં ભિન્ન ભિન્ન રૂપો-સૃષ્ટિ તરીકે દેખાય છે. અલાતચક્ર વસ્તુતઃ બિન્દુ જ છે, પરંતુ ગતિને કારણે તેનાં ભ્રામક રૂપો દેખાય છે, તેમ વસ્તુતઃ ચૈતન્યનું સ્વરૂપ તો મુકત અને અજન્મા જ છે. પરંતુ ગતિ -અવિદ્યાની વિક્ષેપ શકિતને કારણે જ ચૈતન્ય ભિન્ન રૂપાત્મક વિશ્વરૂપે દેખાય છે. વસ્તુતઃ આ દેખાવો માત્ર ભ્રામક દેખાવો હોઇ, સત્ય નથી.[૧૦૫] અલાતચક્ર ગતિમાં હોય છે ત્યારે તેમાં દેખાતા દેખાવો બીજી કોઇ જગ્યાએથી એમાં પ્રવેશ થતા નથી. અલાતચક્ર ગતિ વિનાનું હોય છે, ત્યારે ગતિ વિનાના અલાતચક્રમાંથી બીજી કોઇ જગ્યાએ દેખાવો જતા નથી. વળી, અલાતચક્રને ગતિ હોતી નથી, ત્યારે પણ તેમાં દેખાવોનો પ્રવેશ થતો નથી. વસ્તુતઃ અલાતચક્ર એક બિન્દુ જ છે. ભિન્ન રૂપાત્મક દેખાવોનું પણ વસ્તુતઃ અસ્તિત્વ જ નથી. માત્ર અદ્વય આત્માનું જ અસ્તિત્વ છે. આ ભિન્ન રૂપાત્મક ભ્રામક દેખાવો અવિદ્યા વડે મન જુએ છે. અલાતચક્રમાંથી આ દેખાવો કોઇ પદાર્થની માફક ભાવ-રૂપાત્મક વસ્તુ તરીકે બહાર આવતા નથી. આ દેખાવોનો સ્વભાવ કોઇ પદાર્થના જેવો નથી. કારણ કે આ ભિન્નરૂપાત્મક દેખાવો સત્ય નથી. આ દેખાવો અસત્ય હોવાને કારણે તે અલાતચક્રમાંથી નીકળે છે તેમ માની શકાય નહીં. આ જ પ્રમાણે આત્માને પણ જન્મ, મૃત્યુ આદિ દેખાવો નથી.

.............

૧૦૫ अस्पन्दमानमलातमनाभासमजं यथा ।
अस्पन्दमानं विज्ञानमनाभासमजं तथा ॥
माण्डूक्यकारिका ४:४८

આત્માનો સંબંધ સ્વપ્નને જાગ્રત અવસ્થાની પ્રવૃત્તિઓના વિચાર સાથે જોડવામાં આવે છે, ત્યારે પણ તેમાં દેખાતા દેખાવો બહારથી આવતા નથી. તેમ ઊંઘમાં ચૈતન્ય, પ્રવૃત્તિ વિનાનું હોય છે, ત્યારે તેમાંથી દેખાવો બહાર જતા નથી.

આત્મામાંથી દેખાવો જન્મતા નથી કારણ કે તે કોઇ ભાવરૂપ વસ્તુના અસ્તિત્વ જેવા નથી, કારણ કે કાર્યકારણ સંબંધથી તે પર છે. કાર્યકારણ સંબંધનો અભાવ હોવાને કારણે ચૈતન્ય અને દેખાવો વચ્ચે કોઇપણ પ્રકારનો સંબંધ સ્થાપી શકાય તેમ નથી. કારણ કે દેખાવો સત્ય નથી - ભ્રામક છે. જેમ અલાતચક્ર માત્ર બિન્દુ હોવા છતાં પણ સીધાં, વક્ર આદિ રૂપો દેખાય છે, તેનું વસ્તુતઃ અસ્તિત્વ જ નથી, તેવી રીતે શુધ્ધ ચૈતન્ય, આત્માનાં ભિન્ન રૂપાત્મક જગત તથા જીવો એમ વિવિધ રૂપો દેખાય છે પરંતુ તેમનું અસ્તિત્વ સાચું નથી - ભ્રામક છે.

કાલ અને સ્થલના વિચારથી પણ ચૈતન્ય પર છે. આત્મા દ્રવ્ય પણ નથી અને અદ્રવ્ય પણ નથી, એટલે તે કોઇનું પણ કારણ કે કાર્ય બની શકે નહીં. જીવો દ્રવ્ય પણ નથી અને બીજું કંઇપણ નથી એટલે આત્મામાં વિવેકી પુરુષો કાર્યકારણનો સર્વથા ઇન્કાર કરે છે. બાહ્ય દેખાવ મન વડે કે મન બાહ્ય દેખાવ વડે ઉત્પન્ન થયું નથી. આત્માનું સ્વરૂપ અવ્યાકૃત હોઇ મન તેનાથી ભિન્ન નથી. પરબ્રહ્મને જાણનાર આત્મામાં કાર્યકારણ સંબંધને સર્વથા નકારે છે.[१०६]

...........

१०६ (अ) विज्ञाने स्पन्दमाने वै नाऽऽभासा अन्यतोभुवः ।
न ततोऽन्यत्र निस्पन्दान्न विज्ञानं विशन्ति ते ।।
माण्डूक्यकारिका ४:५१

(ब) न निर्गतास्ते विज्ञानाद्द्रव्यत्वाभावयोगतः ।
कार्यकारणताभावाद्यतोऽचिन्त्याः सदैव ते ।।
माण्डूक्यकारिका ४:५२

(क) एवं न चित्तजा धर्माश्चित्तं वापि न धर्मजम् ।
एवं हेतुफलाजातिं प्रविशन्ति मनीषिणः ।।
माण्डूक्यकारिका ४:५४

જ્યાં સુધી જીવ કાર્ય કારણના સિધ્ધાંતમાં માનીને કાર્ય કરે છે ત્યાં સુધી જીવને માટે આ સિધ્ધાંત અમલમાં રહે છે- કાર્ય કરે છે. પરંતુ કાર્યકારણ સિધ્ધાન્ત, તેની સાથેનો જીવનો સંબંધ સત્ય જ્ઞાન થતાં નાશ પામે છે. અને પરિણામે કાર્યકારણ સિધ્ધાંતનું અસ્તિત્વ રહેતું નથી, એટલે જ શ્રી. ગૌડ-પાદાચાર્ય કહે છે કે જ્યાં સુધી કાર્યકારણ સિધ્ધાંતમાં દૃઢ શ્રધ્ધા હશે ત્યાં સુધી જીવને માટે જન્મ-મરણનું ભવચક્ર ચાલુ રહેશે. જ્યારે કાર્યકારણ ભાવ ઉપરની શ્રધ્ધા સત્ય જ્ઞાન વડે નાશ પામે ત્યારે જન્મ અને મરણ બંનેનું અસ્તિત્વ જીવને માટે રહેતુ નથી, અને જીવ પોતાનું શુધ્ધ આત્મ સ્વરૂપ પ્રાપ્ત કરે છે.[૧૦૭]

અવિદ્યા વડે આ બધાનો જન્મ થયો છે. તેવો ભ્રામક દેખાવ અનુભવાય છે, એટલે કશું સનાતન નથી. પરમ સત્યની દૃષ્ટિએ જોઇએ તો બધું અજન્મા છે- કશાનો નાશ નથી.[૧૦૮] વ્યાવહારિક દૃષ્ટિએ જીવોનો જન્મ માનવામાં આવે છે, પરંતુ પારમાર્થિક દૃષ્ટિએ તો વસ્તુતઃ કશાનો જન્મ શક્ય જ નથી. આ જીવોનો જન્મ માયા - અવિદ્યા વડે હોઇ, પરમ સત્યની દૃષ્ટિએ આ સર્વ ભ્રામક છે. એનું સાચું અસ્તિત્વ નથી. શ્રી.ગૌડપાદાચાર્ય માયા શબ્દને પણ સ્પષ્ટ રીતે સમજાવે છે. જે ભ્રમ વડે દેખાય છે છતાં વસ્તુતઃ જેનું અસ્તિત્વ

...........

१०७ (अ) यावद्धेतुफलावेशस्तावद्धेतुफलोद्भवः ।
क्षीणे हेतुफलावेशे नास्ति हेतुफलोद्भवः ।।
माण्डूक्यकारिका ४:५५

(ब) यावद्धेतुफलावेशः संसारस्तावदायतः ।
क्षीणे हेतुफलावेशे संसारं न प्रपद्यते ।।
माण्डूक्यकारिका ४:५६

१०८ संवृत्या जायते सर्वं शाश्वतं नास्ति तेन वै ।
सद्भावेन ह्यजं सर्वमुच्छेदस्तेन नास्ति वै ।।
माण्डूक्यकारिका ४:५७

નથી. અજા છે તેને જ માયા - ભ્રમ કહેવામાં આવે છે. માયા જેવી કોઇ અસ્તિત્વ ધરાવતી ભાવરૂપ વસ્તુ નથી.[૧૦૯]

શ્રી.ગૌડપાદાચાર્ય આ સમજાવવા માટે એક સુંદર દૃષ્ટાંત આપે છે. માયાવી બીજમાંથી માયાવી અંકુર જ જન્મે છે. આ માયાવી અંકુર સનાતન પણ નથી તેમ તેનો નાશ પણ નથી કારણ કે તે વસ્તુત: આ બીજાંકુરનું અસ્તિત્વ જ નથી. તે અજા છે. આ જ પ્રમાણે જીવો સાથે જોડાયેલા જન્મ મરણના વિચારોનું પણ છે.[૧૧૦]

પારમાર્થિક દૃષ્ટિએ જીવો વસ્તુત: અજન્મા હોઇ જન્મ કે મરણની સાથે જોડાયેલા નથી. અજન્મા જીવોને નિત્ય કે અનિત્યના વિશેષણો લગાડી શકાય નહીં. અનિર્વચનીય જીવોને સત્ય કે અસત્ય તરીકે વર્ણવી શકાય નહીં. સ્વપ્નમાં જેમ માયા વડે ભિન્ન રૂપાત્મક દેખાવ જુએ છે તેવી જ રીતે જાગ્રત અવસ્થામાં પણ મન જ માયા વડે દ્વૈત ભાવાત્મક દેખાવો ઊભા કરે છે. પારમાર્થિક દૃષ્ટિએ અદ્વય મન જ તેની પ્રવૃત્તિઓને કારણે સ્વપ્નમાં તેમજ જાગ્રતમાં પણ અવિદ્યા વડે દ્વૈતભાવ ધારણ કરે છે.[૧૧૧]

...........

१०९ धर्मा स इति जायन्ते जायन्ते ते न तत्त्वत: ।
जन्म मायोपमं तेषां सा च माया न विद्यते ।।

माण्डूक्यकारिका ४:५८

१११ (अ) यथा स्वप्ने द्वयाभासं चित्तं चलति मायया ।
तथा जाग्रद्द्वयाभासं चित्तं चलति मायया ।।

माण्डूक्यकारिका ४:६१

(ब) अद्वयं च द्वयाभासं चित्तं स्वप्ने न संशय: ।
अद्वयं च द्वयाभासं तथा जाग्रन्न संशय: ।।

माण्डूक्यकारिका ४:६२

११० यथा मायामया दीजाज्जायते तन्मयो कुर: ।
नासौ नित्यो न चोच्छेदी तद्धद्धर्मेषु योजना ।।

माण्डूक्यकारिका ४:५९

અણુજ, સ્વેદજ આદિ ભિન્ન ભિન્ન પ્રકારોના જીવો જેમ સ્વપ્નમાં સ્વપ્નદૃષ્ટા જુએ છે તેમ છતાં તેનું સ્વપ્નદૃષ્ટાના મનથી ભિન્ન અસ્તિત્વ કોઇપણ પ્રકારે નથી. દૃષ્ટાના મનના વિષયો રૂપ આ જીવોનું દૃષ્ટાના મનથી અતિરિકત અસ્તિત્વ નથી. મન જ વિવિધ રૂપો ધારણ કરે છે.[૧૧૨] વળી, સ્વપ્નના દૃષ્ટાનું મન દૃષ્ટાથી ભિન્ન નથી. મનનો અનુભવ સ્વપ્નના દૃષ્ટા વિના અન્ય કોઇ કરી શકતું નથી. સ્વપ્નમાં તેમ જાગ્રત અવસ્થામાં પણ જીવોનું દૃષ્ટાના મનથી ભિન્ન અસ્તિત્વ નથી.[૧૧૩]

મન અને જીવ ઉભય એક બીજાના દૃશ્ય વિષયો છે, કારણ કે સંબંધિત ભૂમિકા ઉપર હોય ત્યાં સુધી જ બન્નેનું અસ્તિત્વ જ છે. જીવની સાથેના સંબંધનું અસ્તિત્વ હોય ત્યાં સુધી જ મનનું અસ્તિત્વ છે અને જીવ અને પદાર્થોનું અસ્તિત્વ પણ મનનું અસ્તિત્વ હોય ત્યાં સુધી જ છે. આમ વસ્તુતઃ મન કે તેના વિષયો કોઇનું પણ સાચું અસ્તિત્વ જ નથી. સ્વપ્નાવસ્થાનો જીવ જન્મે પણ છે અને અદૃશ્ય પણ થઇ જાય છે, તેવી જ રીતે જાગ્રત અવસ્થામાં દેખાતા બધા જીવો પણ જન્મે છે અને અદૃશ્ય થઇ જાય છે, માયા વડે દેખાતા અથવા જેમ મંત્ર વિદ્યાથી થોડીક ક્ષણો માટે જ સર્જાયેલા જીવની માફક જાગ્રત અવસ્થામાં દેખાતા બધા જીવો પણ જન્મતા દેખાય છે અને અદૃશ્ય થતા પણ

...........

૧૧૨ स्वप्नदृक् प्रचरन् स्वप्ने दिक्षु वै दशसु स्थितान् ।
अण्डजान् स्वेदजान्वाऽपि जीवान् पश्यति यान् सदा ॥
माण्डूक्यकारिका ४:६३

૧૧૩ स्वप्नदृक्चित्तदृश्यास्ते न विद्यन्ते ततः पृथक् ।
तथा तद्दृश्यमेवेदं स्वप्नदृक्चित्तमिष्यते ॥
माण्डूक्यकारिका ४:६४

દેખાય છે.[૧૧૪]

શ્રી. ગૌડપાદાચાર્ય સ્પષ્ટ જ કહે છે કે કોઈપણ પ્રકારના જીવોનો વસ્તુત: જન્મ થયો જ નથી. આવો જન્મ થવા માટેના કોઈપણ કારણનું પણ અસ્તિત્વ નથી. પરમ સત્ય તો એ છે કે કશાનો વસ્તુત: જન્મ થયો જ નથી.[૧૧૫]

દૃશ્યમાન ભિન્ન રૂપાત્મક જગત ગ્રાહ્ય ગ્રાહક સંબંધથી જોડાયેલું હોઇ ચિત્ત-મનનું સ્પન્દન માત્ર છે. પારમાર્થિક દૃષ્ટિએ મન પણ કોઇ પદાર્થની સાથે કશો સંબંધ ધરાવતું નથી. આમ, આત્માના સ્વરૂપવાળું મન બાહ્ય પદાર્થ સાથેના બધો સંબંધોથી પર હોઇ નિત્ય અને અસંગ છે.[૧૧૬]

............

१४ (अ) यथा स्वप्नमयो जीवो जायते म्रियतेऽपि च ।
तथा जीवा अमी सर्वे भवन्ति न भवन्ति च ।।

माण्डूक्यकारिका ४:६८

(ब) तथा मायामयो जीवो जायते म्रियतेऽपि च ।
तथा जीवा अमी सर्वे भवन्ति न भवन्ति च ।।

माण्डूक्यकारिका ४:६९

(क) यथा निर्मितको जीवो जायते म्रियतेऽपि वा ।
तथा जीवा अमी सर्वे भवन्ति न भवन्ति च ।।

माण्डूक्यकारिका ४:७०

११५ न कश्चिज्जायते जीव: संभवोऽस्य न विद्यते ।
एतत्तदुत्तमं सत्यं यत्र किंचिन्न जायते ।।

माण्डूक्यकारिका ४:७१

११६ चित्तस्पंदितमेवेदं ग्राह ग्राहकवद्द्वयम् ।
चित्तं निर्विषयं नित्यमसंगं तेन कीर्तितम् ।।

माण्डूक्यकारिका ४:७२

અનુષ્ઠાન-ન મન કાર્યકારણ સંબંધથી પર અને અજન્મા હોઇ, સનાતન છે. સર્વ ભિન્ન રૂપાત્મક દેખાવો પણ અજન્મા છે, સર્વ ભિન્ન રૂપાત્મક દેખાવો મનના દૃશ્ય પ્રપંચરૂપ સર્વ ભિન્ન રૂપાત્મક દેખાવોનું વસ્તુત: અસ્તિત્વ જ નથી.[૧૧૭] કાર્યકારણ ભાવથી પર પરમ સત્યનો અદ્વૈતાનુભવ પ્રાપ્ત કરનાર ભય, ઇચ્છા ને દુ:ખથી મુક્ત હોવાનો અનુભવ કરે છે.

અસત્ય પદાર્થો સાથેના સંબંધોને કારણે મન તેની પાછળ દોડે છે, પરંતુ પદાર્થોના ભિન્ન રૂપાત્મક દેખાવોના અસત્યત્વને જાણનાર વ્યક્તિ પદાર્થો સાથેના સંબંધોથી અલિપ્ત થઇ પોતાના મનને આ અસત્ય સંબંધોથી મુક્ત કરી પાછું વાળી લે છે.[૧૧૮]

બધા બાહ્ય પદાર્થો સાથેના સંબંધોથી નિવૃત્ત થયેલું નિશ્ચલ મન અજન્મા, અજય સામ્યાવસ્થાનો અનુભવ કરે છે.[૧૧૯] આત્મ પ્રકાશિત સ્વભાવરૂપ આત્માનો, મનને આત્મા વડે જ અનુભવ થાય છે.[૧૨૦]

...........

૧૧૭ प्रज्ञप्ते: सनिमितत्वमिष्यते युक्तिदर्शनात् ।
निमितस्यानिमितत्वम् इष्यते भूतदर्शनात् ।।
माण्डूक्यकारिका ४:२५

૧૧૮ चित्तं न संस्पृशात्यर्थं नार्थाभासं तथैव च ।
अभूतो हि यत चार्थो नार्थाभासस्तत: पृथक् ।।
माण्डूक्यकारिका ४:२६

૧૧૯ निमित्तं न सदा चित्तं संस्पृशात्यध्वसु त्रिषु ।
अनिमित्तो विपर्यास: कथं तस्य भविष्यति ।।
माण्डूक्यकारिका ४:२७

૧૨૦ अजमनिद्रमस्वप्नं प्रभातं भवति स्वयम् ।
सकृद्विभातो ह्येवैषा धर्मो धातुस्वभावत: ।।
माण्डूक्यकारिका ४:८१

બધા જીવો આદિ, અજન્મા અને મુકત હોઇ વસ્તુતઃ અજન્મા આત્માથી ભિન્ન નથી. બધા જીવો સ્વભાવે કરીને જ મુકત અને નિર્મલ છે.[121]

જીવો અથવા બીજા પદાર્થોના સંબંધોથી પર પરમસત્યનું આ જ્ઞાન શ્રી. ગૌડપાદાચાર્ય કહે છે કે તથાગત ભગવાન બુધ્ધે આપ્યું નથી.[122]

આમ શ્રી.ગૌડપાદાચાર્ય શાસ્ત્ર, યુકિત – તર્ક અને સ્વાનુભવ દ્વારા "અલાત શાંતિ પ્રકરણ" માં પોતાના અજાતવાદના અદ્વૈત સિધ્ધાંતનું દૃઢ પ્રતિપાદન કરે છે.

............

१२१ आदिशान्ता ह्यनुत्पन्नाः प्रकृत्यैव सुनिर्वृताः ।
सर्वे धर्माः समाभिन्ना अजं साम्यं विशारदम् ॥
माण्डूक्यकारिका ४:९३

१२२ आदिबुद्धाः प्रकृत्यैव सर्वे धर्माः सुनिश्चिताः ।
यस्यैवं भवति क्षान्तिः सोऽमृतत्वाय कल्पते ॥
माण्डूक्यकारिका ४:९२

## શ્રી. શંકરાચાર્યનું કેવલાદ્વૈત

શ્રી.ગૌડપાદાચાર્યના અજાતવાદના મૂળભૂત સિધ્ધાન્તો આપણે જોઇ ગયા. અજાતવાદ અને કેવલાદ્વૈત બન્નેની ભૂમિકા વચ્ચે ખૂબ સામ્ય હોઇ, આપણે શ્રી. શંકરાચાર્યના કેવલાદ્વૈત સિધ્ધાન્તો પણ વિગતે જોઇશે. અદ્વૈત વેદાંતની બીજી સિધ્ધાન્ત પ્રણાલિકાની ચર્ચા અહીં અસ્થાને છે.

શ્રી. શંકરાચાર્યના કેવલાદ્વૈત સિધ્ધાન્તાનુસાર શાશ્વત અનન્ત પરબ્રહ્મ જ એકમાત્ર પરમ સત્ય છે. સ્થળ, કાલ અને કાર્યકારણભાવની સર્વ મર્યાદાઓથી તે પર છે. એટલું જ નહીં પરંતુ વ્યાવહારિક અનુભવ પર ટકી રહેલા આ દ્વૈત-પ્રપંચનો આધાર પણ આ પરમ સત્ય પરબ્રહ્મ જ છે.

અદ્વૈત અને દ્વૈત બન્નેનું એક સાથે અસ્તિત્વ હોઇ શકે નહીં, અને જો હોય તો તે સત્ય તો ન જ હોય. અદ્વય પરબ્રહ્મનું અદ્વૈત તત્વ દુષિત ન થાય એવી રીતે આ દૃશ્ય પ્રપંચને એમાં શમાવવા માટે શ્રી. શંકરાચાર્યે માયાનું તત્વ પોતાના સિધ્ધાન્તમાં સ્વીકાર્યું છે. અને એ રીતે તત્વજ્ઞાનના શિખર સમ અદ્વૈતવાદનું પ્રસ્થાપન કર્યું છે.

એકમાત્ર શાશ્વત અનંત પરબ્રહ્મ જ પરમ સત્ય હોવાનું તે માને છે. માયાના પરિણામે દેખાતું ભિન્નરૂપાત્મક વિશ્વ અને તેના દેખાવો દ્વૈત - વસ્તુતઃ સાચાં નથી, ભ્રામક છે.

પરબ્રહ્મ સાથેના એકત્વને બદલે જગતનું આવું ભ્રામક દર્શન થવાનું શ્રી. શંકરાચાર્યે આપેલું માયાનું કારણ તર્ક અને માનસશાસ્ત્રના પાયા ઉપર આધારિત છે.[123]

શ્રી. શંકરાચાર્યે પરબ્રહ્મથી અતિરિક્ત સ્વતંત્ર રીતે "માયા"ના તત્વનો સ્વીકાર કર્યો નથી. જો સ્વતંત્ર રીતે માયાનું અસ્તિત્વ સ્વીકારવામાં આવે તો તો મૂળભૂત રીતે જ દ્વૈતનો એમણે સ્વીકાર કર્યો છે— એમ ગણાય, તેમ ન થાય તે માટે સાંખ્યયોગમાં રજૂ થયેલા પ્રધાન-પ્રકૃતિની માફક માયા સ્વતંત્ર અસ્તિત્વ

123. Kevalādvaita in Gujarati poetry, by Dr. Yogeendra J Tripathi — Chapter II Ps. 20-52

ધરાવતી હોવા છતાં તેને શ્રી. શંકરાચાર્યે બ્રહ્મથી ભિન્ન ગણી નથી.[2]

જેવી રીતે સ્ફટિકની પાસે રહેલા જપાકુસુમના લાલ ફૂલને કારણે સ્ફટિકનું પોતાનું પણ લાલ સ્વરૂપ દેખાય છે તેવી જ રીતે બ્રહ્મની પાસે રહેલી માયા શકિતને પરિણામે બ્રહ્મનું પોતાનું સ્વરૂપ જ ભિન્નરૂપાત્મક વિશ્વરૂપે દેખાય છે. વસ્તુતઃ બ્રહ્મથી ભિન્નરૂપે વિશ્વનું અસ્તિત્વ છે જ નહીં.

આ પ્રક્રિયામાં કારણભૂત રહેલી બ્રહ્મની શકિત તે માયા. આ માયાના બે ગુણધર્મો છે.

૧. આવરણ- સત્યનું ગોપન.

૨. વિક્ષેપ - સત્યનું વિપરીત - ભ્રામક દર્શન.

આવરણ શકિતમાં માત્ર જ્ઞાનનો નિરોધ છે, જ્યારે વિક્ષેપ શકિત વ્દારા જ ભ્રમનું સ્પષ્ટ દર્શન થાય છે. પરમ તત્ત્વ- પરબ્રહ્મનું દર્શન પરબ્રહ્મ સ્વરૂપે થતું નથી. એટલું જ નહીં પણ તેને સ્થાને ભિન્નરૂપાત્મક વિશ્વનું ભ્રામક દર્શન થાય છે. સત્ય અને અસત્ય બન્નેનો માયામાં સમન્વય થયેલો છે. માયા ભાવરૂપાત્મક વસ્તુ છે. એના સ્વરૂપનું વર્ણન થઇ શકે તેમ નથી, એટલે જ એને અનિર્વચનીય કહી છે. માયાને અનાદિ ગણવામાં આવી છે. છતાં શ્રી. શંકરાચાર્યના મત પ્રમાણે માયાનો અધ્યાસ - અજ્ઞાન દૂર થતાં વિલય - થાય છે. એટલે તેને સાન્ત અન્તવાળી કહી છે.[3]

............

૧૨૪ એજન, પૃ.૨૦

૧૨૫ એજન, પૃ.૨૧

Smt. HANSA MEHTA LIBRARY
912

શ્રી. શંકરાચાર્યના વિવર્તવાદને સમજાવવા માટે રજ્જુ અને સર્પ, છીપ અને રજત તથા રણ અને મૃગજળના દૃષ્ટાંતો આપવામાં આવ્યા છે. રણમાં મૃગજળ, છીપમાં રજત અને રજ્જુમાં સર્પનો ભાસ થાય છે પણ ભ્રમ દૂર થતાં જેમ મૂળ વસ્તુનું સત્ય દર્શન થાય છે તેમ ભ્રામક અવિદ્યાના કાર્યરૂપ જગતનું મિથ્યાત્વ સ્પષ્ટ થતાં તે પરબ્રહ્મરૂપે અનુભવાય છે. જેમ અંધારાના કારણે જ રજ્જુ સર્પ જેવું દેખાય છે, સાપ રજ્જુનો વિવર્તમાત્ર છે, તેમ જગત પરબ્રહ્મનો વિવર્તમાત્ર છે. અજ્ઞાન – માયાને લીધે બ્રહ્મ જગત જેવું દેખાય છે. અજ્ઞાન દૂર થતાં, બ્રહ્મ બ્રહ્મરૂપે – તેના મૂળરૂપે દેખાય છે. આનું નામ જ વિવર્તવાદ.[૪]

વિવર્તવાદના આ દૃષ્ટાન્તો કાર્યનું કારણ પર રહેલું એકપક્ષીય અવલંબન સમજાવવા માટે રજૂ થાય છે. કાર્યનાં દૂષણો કારણને લાગતાં નથી અને કારણ અવિકૃત રહે છે, એમ શ્રી. શંકરાચાર્ય વિવર્તવાદ દ્વારા સ્પષ્ટ સમજાવે છે. વિશ્વનું ભ્રામક દર્શન પરબ્રહ્મ પર આધાર રાખતું હોવા છતાં પરબ્રહ્મ અવિકૃત જ રહે છે. વિશ્વનું ભ્રામક દર્શન થવાનું કારણ પરબ્રહ્મ છે. પરબ્રહ્મના વિવર્તને કારણે જ જગતનું આવું દર્શન થાય છે. શ્રી. શંકરાચાર્ય તેમના વિવર્તવાદના સિધ્ધાંત દ્વારા પરિમિત વિશ્વનો અપરિમિત બ્રહ્મ સાથેનો સંબંધ સમજાવે છે. પરબ્રહ્મનો મૂળભૂત ગુણધર્મ વિશ્વનું આવું દર્શન કરાવવાનો નથી, પણ ખોટી કલ્પના – ભ્રમને કારણે આમ થાય છે. આ કલ્પનાનું અધિષ્ઠાન જેના પર છે તે પરબ્રહ્મનો મૂળ સ્વભાવ આવો નથી, તેમ છતાં આ દર્શન થાય છે તેનું કારણ સમજાવતાં તે કહે છે કે વિશ્વની ઉત્પત્તિ માયાના જાદુ વડે જ દેખાય છે. તે વિના બીજું કશું જ નથી. કલ્પિત ભ્રમ – માયાના કારણે ભિન્નરૂપાત્મક વિશ્વને સત્ય માનનાર માનવીના પોતાનામાં જ ભ્રમનું મૂળ કારણ રહેલું છે અને એ અધ્યાસ – માનવીનું અજ્ઞાન – દૂર થતાં સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જેને પરિણામે આ સર્વ

...........

૧૨૯[૪] વિવર્તવાદ – કેવલાદ્વૈતવાદ-પૃ. ૫૭ માટે

વિશેષ સ્પષ્ટીકરણ માટે જુઓ. પૃ - ૫૭

Kevalādvaita in Gujarati Poetry -

By Dr. Yogindra J. Tripathi.

પરબ્રહ્મમય અનુભવાય છે. બધા જ નામરૂપના મિથ્યાપણાનો અનુભવ થતાં એક માત્ર પરબ્રહ્મ અવશિષ્ટ રહે છે. શ્રી. શંકરાચાર્યના કેવલાદ્વૈતનો આ જ મૂળભૂત સિધ્ધાંત છે.

એક અનંતાદ્વૈત પરબ્રહ્મનું વિવિધ જીવો રૂપે થતા દર્શનનું કારણ માનવી સમજી શકે તેમ નથી એટલે જ માયાને અનિર્વચનીયા કહી છે. વિશ્વદર્શનની અવગણના થઇ શકે તેમ નથી, અથવા તેને અન્ય રીતે પણ ઘટાવી શકાય તેમ નથી, એટલે જ તેને સમજાવતાં માયાનો સિધ્ધાંત શ્રી. શંકરાચાર્યે રજૂ કર્યો છે. અદ્વૈતને બદલે ભિન્ન રૂપાત્મક વિશ્વ-દ્વૈતનું થતું દર્શન માયાને આભારી છે, કારણ કે વસ્તુતઃ દ્વૈતને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જ નથી.

<u>વેદાન્તમાં જગતની અસત્યતા - મિથ્યાત્વનું સ્વરૂપ.</u>

શ્રી. શંકરાચાર્યના તત્વજ્ઞાનમાં જગતમાં દેખાતા બધા દેખાવો અસત્ છે. એક માત્ર પરબ્રહ્મ સત્ છે. વિશ્વની બધી વસ્તુઓ ભ્રામક- માયામય છે. જાદુગર અને તેનો જાદુ. ગન્ધર્વનગર, રણ અને મૃગજળ અને એવાં બીજાં દૃષ્ટાન્તો પણ શ્રી. શંકરાચાર્યે આપ્યાં છે. વિશ્વની નામરૂપાત્મકતા અસત્ છે અને તેનો દેખાવ માત્ર કલ્પિત છે. શ્રી.શંકરાચાર્યના તત્વજ્ઞાનમાં જગતની અસત્યતાના સ્વરૂપ અંગેનો આ સામાન્ય અભિપ્રાય સાચો નથી.

શ્રી. શંકરાચાર્ય ચિન્તને સ્પર્શતા બધા અસત્ પદાર્થોના ત્રણ વિભિન્ન પ્રકારો દર્શાવે છે.

૧. સસલાનાં શિંગડાં (શશ વિષાણ) જેવા, વાંધ્યાપુત્ર જેવા અને આકાશપુષ્પ જેવાં પદાર્થો - આવા પદાર્થો શ્રી. શંકરાચાર્યના મતે સંપૂર્ણપણે અસત્ છે. અસ્તિત્વ ધરાવતા નથી.

૨. (રજ્જુ સર્પ) રજ્જુનું સર્પ રૂપે થતું ભ્રામક દર્શન કે (શુકિત રજત) છીપમાં રૂપાનો થતા ભાસ અથવા (મરુ મરીચિકા) રણમાં મૃગજળનો થતો ભાસ- આ રીતે દેખાતાં પદાર્થો માટે પણ અસત્ શબ્દ પ્રયોજાયો છે.

૩. વ્યાવહારિક દૃષ્ટિએ સર્જન થયું છે તેવા વિશ્વના પદાર્થો નામરૂપાત્મક વિકારો.

પ્રથમ પ્રકારના પદાર્થો – શશવિષાણાદિના અસ્તિત્વ માટે કોઇ મૂળ અધિષ્ઠાન કારણ દર્શાવી શકાય એમ નથી. તેના વર્તમાન અસ્તિત્વ માટે પણ કોઇ કારણ દર્શાવી શકાતું નથી, કે બીજા કોઇ પદાર્થમાં તેનો લય પણ થતો નથી, એટલે આવા પદાર્થો સંપૂર્ણતઃ અસત્ જ છે. બીજા પ્રકારના પદાર્થો માટે શ્રી. શંકરાચાર્ય કહે છે કે : જ્યાં સુધી તે દેખાય છે ત્યાં સુધી અસત્ છે એમ કહી શકાય નહીં. ભૂત, ભવિષ્ય કે વર્તમાનકાલની દૃષ્ટિએ આવા પદાર્થોનું અધિષ્ઠાન ચોકકસ હોવાથી (દા.ત. સર્પનું અધિષ્ઠાન રજ્જુ) – સસલાના શિંગડાની માફક સંપૂર્ણપણે આવા પદાર્થોને અસત્ ગણાવી શકાય નહીં.

ત્રીજા પ્રકારના પદાર્થો પણ બીજા વર્ગના શુકિત રજત્ પદાર્થોના જેવા જ છે. આ પદાર્થો જેમાંથી જન્મ્યા છે તેનું મૂળ કારણ પણ છે– એ જ મૂળ કારણ તેના વર્તમાન અસ્તિત્વમાં પણ કાયમ રહે છે. ભૂતકાળમાં તેનો લય પણ તેમાં જ થવાનો છે.

પ્રથમ વર્ગના પદાર્થો સાથે બીજા અને ત્રીજા વર્ગના પદાર્થોની સરખામણી કરતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે પહેલા વર્ગના પદાર્થોને આપણે અસત્ ગણીએ તો તે દૃષ્ટિએ બીજા અને ત્રીજા વર્ગના પદાર્થોને અસત્ ગણવા જોઇએ નહીં.

શ્રી. શંકરાચાર્ય બીજા અને ત્રીજા વર્ગના પદાર્થોને સંપૂર્ણપણે અસત્ પદાર્થો તરીકે સ્વીકારતા નથી. તે માને છે કે બીજા પ્રકારમાં – રજ્જુ સર્પના દૃષ્ટાંતમાં તો સર્પ તેના અધિષ્ઠાન રજ્જુથી ભિન્ન રીતે અસ્તિત્વ ધરાવતો નથી. રજ્જુ સર્પના દૃષ્ટાંતને અસત્ ઠરાવનાર શ્રી. શંકરાચાર્ય વિશ્વના દેખાવોને કેવી રીતે અસત્ ઠરાવી શકે ?

શુકિત રજતના જેવા પદાર્થોની સત્યતાના સંબંધની દૃષ્ટિએ તેના કરતાં વ્યાવહારિક પદાર્થોની સત્યતા વધારે ઘન છે.

વિશ્વના સ્થૂળ અને સૂક્ષ્મ પદાર્થોનું વર્ણન કરતાં શ્રી. શંકરાચાર્ય તેમને સત્ તરીકે ગણાવે છે.

આમ શ્રી. શંકરાચાર્ય વ્યાવહારિક દૃષ્ટિએ જગતના અસ્તિત્વનો ઉપયોગ કરતા નથી, શ્રી. શંકરાચાર્ય માને છે કે કોઇ વસ્તુમાંથી ઉત્પન્ન થયેલ વસ્તુ સંપૂર્ણપણે નહિ અસ્તિત્વ ધરાવતી ગણાવી શકાય નહીં. જેનું અસ્તિત્વ જ ન હોય તેવી વસ્તુ સત્ય વસ્તુમાંથી ઉત્પન્ન થઇ શકે નહીં – આ સિધ્ધાંતની દૃષ્ટિએ વિશ્વ જેનું – અધિષ્ઠાન પરબ્રહ્મ છે તેને અસત્–ખોટું કહી શકાય નહીં.

આમ, શ્રી. શંકરાચાર્ય વ્યાવહારિક પદાર્થોને સત્ પદાર્થો તરીકે જ ગણાવે છે.

## શ્રી. શંકરાચાર્યનો દ્વિપક્ષી સત્યનો સિધ્ધાંત
## પરમાર્થિક સત્ય અને વ્યાવહારિક સત્ય

પરા વિદ્યા અને અપરા વિદ્યાનો ઉપનિષદમાં નિર્દેશ છે, તેના પર ભાર મૂકીને શ્રી. શંકરાચાર્યે પારમાર્થિક અને વ્યાવહારિક સત્યનો સ્વીકાર કરી તત્ત્વજ્ઞાન અને અનુભવ વચ્ચે મેળ બેસાડવાનો ખૂબ સહેલાઇથી પ્રયત્ન કર્યો છે. બ્રહ્મવિદ્યા, જીવવિદ્યા, જગતવિદ્યા કે મોક્ષમાર્ગનાં સાધનો- આ સર્વના સંબંધમાં પારમાર્થિક અને વ્યાવહારિક એમ બે કક્ષાઓનો શ્રી.શંકરાચાર્યે કેવલાદ્વૈતના પોતાના સિધ્ધાંતમાં સ્વીકાર કર્યો છે.

### બ્રહ્મવિદ્યા.

પારમાર્થિક દૃષ્ટિએ અનંતાદ્વૈત પરબ્રહ્મનું સ્વરૂપ સત્, ચિત્ અને આનંદમય છે. તે નિર્ગુણ,નિર્વિકાર છે. વ્યાવહારિક દૃષ્ટિએ તેનું સ્વરૂપ સગુણ છે. અનંત શુભ ગુણો વડે યુક્ત પરબ્રહ્મ વડે જ વિશ્વસર્જનનો લય થાય છે. તે જ ઇશ્વર છે- ઇશ્વર જ વિશ્વનું અભિન્ન નિમિત્તોપાદન કારણ છે.

### જગત વિદ્યા-

પારમાર્થિક દૃષ્ટિએ વિશ્વ માત્ર ભ્રમ છે, માયા છે, માત્ર દેખાય છે. કોઇ ભાવરૂપ વસ્તુ નથી. વ્યાવહારિક દૃષ્ટિએ જોઇએ તો વિશ્વના પરિમિત-અપરિમિત સ્વરૂપ- અનાદિ અનન્ત સ્વરૂપ ધરાવે છે. તે સંસાર અને કર્મના સિધ્ધાંતને સમજાવવા માટે તેનો ઇશ્વર સાથેનો સંબંધ પણ દર્શાવાયો છે. પરબ્રહ્મ સ્વરૂપ ઇશ્વરને માયા, પરિણામ અને ચિદવિવર્ત તરીકે એટલા જ માટે વર્ણવાયો છે.

### જીવવિદ્યા-

પારમાર્થિક દૃષ્ટિએ જીવ પરબ્રહ્મનું જ સ્વરૂપ છે. સર્વત્ર, સર્વથા અને સર્વદા રહેલા કાર્યકારણ ભાવ, કાલ અને સ્થલથી પર એવા પરબ્રહ્મથી જીવ ભિન્ન નથી. આ સર્વ મર્યાદાઓથી તે પર છે. વ્યાવહારિક દૃષ્ટિએ નિહાળીએ તો જીવ કર્મના સિધ્ધાંતાનુસાર ભવચક્રમાં બંધન વડે બંધાયેલો છે

તેમ છતાં વસ્તુત: તે પરબ્રહ્મથી ભિન્ન નથી- બ્રહ્મસ્વરૂપ છે. જીવના દિવ્ય સ્વભાવનું ગોપન તેને વળગેલી બાહ્ય ઉપાધિઓને કારણે જ થાય છે. જીવનો સૂક્ષ્મ દેહ અથવા લિંગ શરીર સત્તર તત્ત્વોનું બનેલું છે. મન, બુધ્ધિ, પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને પંચમહાભૂત મળીને કુલ સત્તર તત્ત્વોનો બનેલો સૂક્ષ્મ દેહ- જીવ - આ ઉપાધિઓ દૂર થતાં પોતાનું બ્રહ્મસ્વરૂપ પ્રાપ્ત કરે છે. જીવના દિવ્ય સ્વરૂપમાં ફેરફાર થયા વિના તેનો દેહ કર્મ સાથે અને કર્મના સિધ્ધાંતની સાથે જોડાયેલો રહે છે. તે પોતાનો મૂળ સ્વભાવ બ્રહ્મજ્ઞાન થતાં ફરીથી ધારણ કરે છે ને સૂક્ષ્મદેહની ઉપાધિઓ દૂર થાય છે.

## મોક્ષમાર્ગ અને તેનાં સાધનો

શ્રી. શંકરાચાર્યના મત પ્રમાણે જીવના બંધનનું કારણ તેની અવિદ્યા છે. પરબ્રહ્મના મૂળ સ્વરૂપને તે ઢાંકી દે છે. આત્માના સ્વરૂપની સાચી ઓળખ માટેનું દિવ્ય જ્ઞાન- બ્રહ્માત્મૈકય જ્ઞાનને જ - મોક્ષનું પરમ સાધન શ્રી.શંકરાચાર્ય ગણાવે છે. પરબ્રહ્મનું સ્વરૂપ નિર્ગુણ તેમ જ સગુણ-ઉભય હોઇ, શ્રી. શંકરાચાર્ય મોક્ષના પણ બે પ્રકાર ગણાવે છે.

૧. ક્રમમુકિત: - ધીમે ધીમે પ્રગતિ કરી જીવ મુકિતને પામે છે.

૨. સધ્યો મુકિત: જીવાત્મા પ્રત્યક્ષ અને તત્ક્ષણ મુકિત પામે છે. સધ્યોમુકિત તરફ દેવયાન અને પિતૃયાન-એમ બે માર્ગ લઇ જાય છે.

   ૧. દેવયાન:-અમર બ્રહ્મને જાણનારાઓએ જે માર્ગ ગ્રહણ કર્યો તે દેવયાન

   ૨. પિતૃયાન:- પરબ્રહ્મને જાણનારાઓએ ગ્રહણ કરેલો માર્ગ તે પિતૃયાન.

   શ્રીમદ્ ભગવદ્ગીતામાં આ માર્ગ માટે કહેવાયું છે કે આ માર્ગે ગયેલું કોઇ પાછું ફરતું નથી, કારણ કે જીવ તેના સૂક્ષ્મદેહ સાથે પરમાત્મામાં લીન થઇ જાય છે.

શ્રી. શંકરાચાર્યના કેવલાદ્વૈતના મુખ્ય સિધ્ધાન્તો આ રીતે આપણને નીચે પ્રમાણે સ્પષ્ટ થાય છે.

૧. દ્વૈત માત્ર વસ્તુત: ખોટું અથવા અસત્ય છે, અને સર્વવ્યાપક શાશ્વત અનંત શુધ્ધ પરબ્રહ્મમાં તેની માત્ર કલ્પના જ થઇ છે.

૨. અદ્વૈતને બદલે દ્વૈતનું ભ્રામક દર્શન માયાની બે વિભિન્ન શકિતઓ વડે થાય છે. દ્વૈતને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ નથી.

૩. વ્યકિતગત જીવ વસ્તુત: પરબ્રહ્મનું જ સ્વરૂપ છે.

૪. પરબ્રહ્મ સાથે જીવાત્માના ઐકયનું – મોક્ષનું પરમ સાધન બ્રહ્મજ્ઞાન જ છે.

કેવલાદ્વૈતના સિધ્ધાન્તાનુસાર જગતનું વિવર્તોપાદાન નિમિત્ત કારણ બ્રહ્મ છે. બ્રહ્મ જ જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ છે. બ્રહ્મના સત્યસ્વરૂપનું જ્ઞાન થતાં જ્ઞાતા સંસારના બંધનમાંથી મુકત થાય છે. જેવી રીતે રજ્જુના વિવર્ત સર્પનો ભય તથા દેખાવ રજ્જુનું સાચું સ્વરૂપ સમજાતાં દૂર થાય છે તેમ જગતનો મિથ્યા દેખાવ પણ જગતના અધિષ્ઠાન બ્રહ્મનું સત્ય સ્વરૂપ સમજાતાં દૂર થાય છે. આ સૃષ્ટિનો વ્યવહાર અને તેનો પરબ્રહ્મ સાથેનો સંબંધ સમજાવવા માટે કર્યવાદનો સિધ્ધાંત રજૂ કરવામાં આવ્યો છે. પરબ્રહ્મની સાથેના અદ્વૈતના અનુલક્ષમાં વિશ્વના નામ, રૂપ અને ગુણને – દ્વૈતને સમજાવવાના પણ અનેક પ્રયત્નો થયા છે. ભિન્ન રૂપાત્મક વિશ્વ અને પરબ્રહ્મ વસ્તુતઃ જુદાં નથી. એક જ છે. એ બન્નેનું એકત્વ સમજાવવા માટે, વિવર્તવાદ, દૃષ્ટિ સૃષ્ટિવાદ, સૃષ્ટિ — દૃષ્ટિવાદ અવચ્છેદવાદ, પ્રતિબિંબવાદ, અને અજાતવાદ જેવા વિભિન્ન મતો રજૂ થયા છે. આ વિભિન્ન મતોની સમીક્ષા કરીએ તે પહેલાં કાર્યકારણનો સિધ્ધાંત વિગતે તપાસી લઇએ.

<u>કાર્યકારણનો સિધ્ધાંત</u>

ન્યાયદર્શનના મત અનુસાર કારણમાંથી જન્મતું કાર્ય તેના સર્જન પહેલાં અસ્તિત્વ ધરાવતું નથી, એટલે કાર્યું તદ્દન નવું જ જન્મે છે. આમ, કાર્યનો કારણ સાથે કોઇ સંબંધ હોવાનું નૈયાયિકો સ્વીકારતા નથી. સાંખ્ય દર્શનકારોનો મત આનાથી વિરૂધ્ધ છે. નૈયાયિકોની ટીકા કરતાં એ કહે છે કે કારણમાં પહેલેથી જ કાર્યનું અસ્તિત્વ રહેલું હોય છે. જો કાર્યના કોઇપણ સ્વરૂપમાં બિલકુલ અસ્તિત્વ જ ન હોય તો તે કોઇપણ રીતે બહાર આવી શકે નહીં, ઉત્પન્ન થઇ શકે . કાર્યના અમુક અંશો અમૂક કારણમાં હોય છે, એટલે જ આપણે યોગ્ય ઉત્પાદન કારણ વિના કદાપિ કાર્ય જન્માવી શકતા નથી. દાખલા તરીકે દહીંના ઉત્પાદન માટે યોગ્ય ઉત્પાદન કારણ દૂધ જ જોઇએ. કાર્યના જન્મ માટે યોગ્ય કારણની આવશ્યકતાનો ઇન્કાર કરવામાં આવે તો તો રેતીમાંથી તેલ પણ ઉત્પન્ન થઇ શકે, પાણીમાંથી દહીં પણ બની શકે, પણ તેમ થતું નથી.

નૈયાયિકો સામેની સાંખ્યવાદીઓની આ દલીલને શ્રી. શંકરાચાર્ય બિરદાવે છે, પણ સાંખ્ય દર્શનનો સત કાર્યવાદનો આ સિધ્ધાંત પણ યથાર્થ નથી, તે અંગેની દલીલો શ્રી. શંકરાચાર્યે રજૂ કરી છે. તે સાંખ્યવાદીઓ સમક્ષ દલીલ રજૂ કરે છે,

કે, માની લો કે કાર્યકારણનું જ આવિષ્કરણ છે તો પછી આ આવિષ્કરણ પહેલાં કાર્યનું પોતાનું અસ્તિત્વ હતું કે નહીં ? જો તેનું આવિષ્કરણ પહેલાં પણ અસ્તિત્વ હતું એમ સ્વીકારીએ તો આ આખી એ પ્રક્રિયા અર્થવગરની બની જાય. જો તેનું અસ્તિત્વ આવિષ્કાર પહેલાં નહતું એમ માનીએ તો આવિષ્કરણ માટે કોઇપણ કારણ હોવું જ જોઇએ. હવે આ કારણના પોતાના આવિષ્કરણ માટે વળી પાછું બીજું કારણ એમ કારણની પરંપરા ચાલ્યા જ કરે છે, અને આ વિચારસરણીમાં અનવસ્થા દોષ આવે છે અને આ રીતે શ્રી. શંકરાચાર્ય સાંખ્ય મતની મર્યાદા દ્વારા પોતાનો વિવર્તવાદનો સિધ્ધાંત રજૂ કરી સાબિત કરે છે કે કાર્ય અને કારણ બન્નેનો સંબંધ વસ્તુતઃ સાચો નથી - અસત્ય છે.

અદ્વૈત મત પ્રમાણે કાર્યના બધા ગુણો અનિર્વચનીય હોઇ તેની વ્યાખ્યા આપી શકાય તેમ નથી. એનું કારણ એ છે કે કાર્યનું પોતાનું અસ્તિત્વ માયા અથવા અજ્ઞાન વડે છે એટલે તેને એક બીજાના સંબંધના અનુલક્ષમાં તાર્કિક રીતે સમજાવી શકાય તેમ નથી, કારણ કે તેનું પોતાનું સ્વરૂપ પણ અથવા માયાવી છે. બધાં કાર્યોનું મૂળ કારણ જ સાચું કારણ છે. અદ્વૈત મત પ્રમાણે મૂળ કારણ જ શુધ્ધ ચૈતન્ય છે. આ પરમ સત્ અવિકારી અને અવ્યાકૃત છે. આ પરમ સત્, પરબ્રહ્મના અધિષ્ઠાન ઉપર અવલંબાયેલા વિવિધ દેખાવો અસત્ય હોવા છતાં સાચા દેખાય છે. બધા અનુભવોમાં સાક્ષીભૂત રહેલું સાચું કારણ અવ્યાકૃત પરબ્રહ્મ જ છે, અને અજ્ઞાન અથવા અવિદ્યાને કારણે પરબ્રહ્મ ઉપર કાર્યનો અધ્યારોપ થયો હોવાથી મિથ્યા સ્વરૂપે તેનું દર્શન થાય છે. કાર્ય અને કારણ બન્ને વચ્ચે એટલો જ સંબંધ છે કે તે પરમ સત્યના આભાસમાત્ર છે. દૃશ્યમાત્ર માયાનું જ પરિણામ છે. એટલે આ માયિક - અસત્ય દેખાવોવાળા માયિક જગતમાં જ્યાં સુધી આપણું અસ્તિત્વ છે ત્યાં સુધી આપણને તેના કાર્યકારણની ચર્ચા કરવાનો કશો જ અધિકાર નથી. બધા દેખાવો માયાના સર્જન સિવાય બીજું કશું નથી. પ્રો. દાસગુપ્તા શ્રી. શંકરાચાર્યના આ સિધ્ધાન્તને એટલા જ માટે સત્ કાર્યવાદને બદલે સત્કારણવાદ તરીકે ઓળખાવે છે, કારણ કે મૂળ કારણ પરમ સત્ જ એકમાત્ર સાચું છે, સનાતન છે. તેના અન્ય દેખાવો અસત્ય છે, માયાવી છે- ભ્રામક છે.

એક માત્ર પરમ કારણ પરબ્રહ્મના આ વિવિધકાર્યો સાચા નથી, ભ્રામક છે. કારણથી ભિન્ન પ્રકારનું કાર્યનું અસ્તિત્વ હોય તો તે કાર્ય કારણનો વિવર્ત છે. જ્યારે કાર્ય અને કારણ બન્નેનું અસ્તિત્વ એક જ પ્રકારનું હોય ત્યારે તે કાર્ય કારણનું પરિણામ છે. રજ્જુનો વિવર્ત જેમ સર્પ તેમ બ્રહ્મનો વિવર્ત તે જગત- આ દર્શન અવિદ્યા- માયા વડે કરીને થાય છે. આ સિધ્ધાન્તને જ વિવર્તવાદ સંજ્ઞા આપવામાં આવી છે.

આમ, શ્રી. શંકરાચાર્યનો કાર્યકારણ સંબંધ દર્શાવતો સત્‌કારણવાદ તે જ વિવર્તવાદ. જગત અને પરબ્રહ્મ વચ્ચે કાર્યકારણ સંબંધ અંગેના ભિન્ન ભિન્ન મતો આપણે જોઇ ગયા.

૧. વિવર્તવાદ

પરબ્રહ્મમાં ભિન્નરૂપાત્મક જગતને સમજાવવાનો અદ્વૈતવાદીઓનો સિધ્ધાંત તે વિવર્તવાદ વિવર્ત એટલે ખોટી ધારણા- મૂળ વસ્તુ હોય તેના કરતાં જુદી રીતે ભ્રાન્તિથી ખોટી દેખાય, અજ્ઞાનને લીધે જેમ રજ્જુનું સર્પરૂપે અસત્ય દર્શન ભ્રાંતિ વડે થાય છે તેમ પરબ્રહ્મનું ભિન્નરૂપાત્મક જગતરૂપે અસત્ય દર્શન માયા વડે થાય છે. રજ્જુનો વિવર્ત જેમ સર્પ તેમ બ્રહ્મનો વિવર્ત જગત. રજ્જુ જ એક સત્ય વસ્તુ છે તેમાં દર્શન મિથ્યા છે તેમ પરબ્રહ્મ જ સત્ય છે, ભિન્નરૂપાત્મક જગતના નામરૂપાદિ મિથ્યા હોઇ ભ્રાન્તિ વડે પરબ્રહ્મમાં કલ્પાયાં છે, વસ્તુતઃ તેનું અસ્તિત્વ નથી. અજ્ઞાનમાંથી જન્મેલી માયા અનાદિ હોવા છતાં પરબ્રહ્મના શુધ્ધ જ્ઞાનની પ્રાપ્તિ થતાં તેનો વિલય થાય છે.

આપણે જગતના મિથ્યા નામરૂપાદિને સત્ય માની લઇએ છીએ તેની પાછળની પ્રક્રિયા સમજાવી શકાય તેમ નથી, અનિર્વચનીય છે. વ્યવહારમાં જગતના દેખાવો અનુભવાય છે તે હકીકતનો આપણે ઇન્કાર કરી શકીએ તેમ નથી. તાર્કિક દૃષ્ટિએ જોઇએ તો રજ્જુમાં સર્પની આપણે મિથ્યા કલ્પના કરીએ છીએ એમ માની લઇએ તો પણ સાચા સાપનું અસ્તિત્વ કોઇક સ્થળે પણ હોવું જોઇએ, જો એમ ન હોય તો સાપની કલ્પના ઉદ્‌ભવે જ કયાંથી?

વિવર્તવાદ આ દલીલનો જવાબ આપી શકે તેમ નથી. કારણ કે સાચા સાપનું અસ્તિત્વ બીજા કોઇ સ્થળે પણ સ્વીકારવામાં આવે તો અદ્વૈતનું ખંડન થાય છે. આ સમસ્યાનો ઉકેલ દૃષ્ટિ સૃષ્ટિવાદ દ્વારા અદ્વૈતવાદીઓ આપે છે.

## (૨) દૃષ્ટિસૃષ્ટિવાદ

કોઇપણ વસ્તુ અસ્તિત્વ ધરાવે છે કે નહીં તેનું અનુમાન આપણે તે વસ્તુનો અનુભવ કર્યા વિના કરી શકીએ નહીં અને એ અનુભવ આપણે મનના એકમાત્ર સાધન દ્વારા જ કરી શકીએ છીએ. દૃષ્ટિસૃષ્ટિવાદના હિમાયતીઓ માને છે કે જગત વાસ્તવમાં છે જ નહીં. પરંતુ જે વખતે જેવું દેખાય છે તે વખતે તેવું છે. ભિન્નરૂપાત્મક જગતના દેખાવોની આ બધી માયા મનની વૃત્તિનું જ સર્જન છે. મનનું જ્યાં સુધી અસ્તિત્વ છે ત્યાં સુધી માયાનું અસ્તિત્વ રહે છે. પદાર્થોને જોવાની મનની જે શકિત તે વૃત્તિ. વૃત્તિમાં રહેલું ચિત્ત વિષયમાં રહેલા ચિત્ત સાથે એકતા સાધે છે અને જોવાની પ્રક્રિયા-નો પ્રારંભ થાય છે. હવે, વિવર્તવાદ પ્રમાણે જોઇએ તો બાહ્ય અનાદિ અધ્યાસ વડે કરીને આ વૃત્તિ દોરાય છે અને એ વૃત્તિ ખોટી ધારણા કરે છે. આ ખોટી ધારણા અસત્ વિચાર માટે પણ કોઇ બાહ્ય પદાર્થનું – સાચા સાપનું- જેના પર આ ખોટી ધારણા કરવામાં આવી છે તેનું અસ્તિત્વ સ્વીકારવું જ પડે છે. જો એ સ્વીકારીએ તો અદ્વૈતની ભાવનાનું ખંડન થાય અને ન સ્વીકારીએ તો અધ્યાસ સમજાવી શકાતો નથી.

હવે દૃષ્ટિસૃષ્ટિવાદના મત પ્રમાણે જોઇએ તો આ વૃત્તિને પોતાનામાં જ પહેલેથી અંદર રહેલા કેટલાક વિચારો હોય છે. જેનું પ્રતિબિંબ માત્ર પડે છે અને એ વૃત્તિ પોતે ખોટી કલ્પના – સ્વપ્નની માફક કરે છે. તે વસ્તુતઃ પોતાના વિચારો જ પોતાનામાં જુએ છે. આ વૃત્તિઓનું નિયમન એ જ પરમ પ્રાપ્તવ્ય છે. બાહ્યગત કોઇ પદાર્થનું અસ્તિત્વ હોય છે નહી તે અંગે આપણને શંકા રહે છે એટલે જ આ બધો માત્ર આત્મગત –અંતર્ગત ભ્રમ છે. પોતાની વૃત્તિ- દૃષ્ટિનો જ દોષ છે. દૃષ્ટિદોષ દૂર થતાં પરબ્રહ્મનું જગત રૂપે થતું દર્શન બંધ થાય છે. અને તેના સત્ય સ્વરૂપનું જ્ઞાન થાય છે. આ છે દૃષ્ટિસૃષ્ટિવાદ.

## (૩) સૃષ્ટિદૃષ્ટિવાદ

વિવર્તવાદમાં અધ્યાસને કારણે તેમજ દૃષ્ટિસૃષ્ટિવાદમાં અંતગર્ત વૃત્તિઓને કારણે ખોટા ભ્રમનું દર્શન થાય છે એમ સ્વીકારવામાં આવ્યું છે. પરંતુ દૃષ્ટિસૃષ્ટિવાદમાં પણ એ પ્રશ્નનું નિરાકરણ થતું નથી કે આ વૃત્તિના વિચારોનો આધાર કયા બાહ્ય કે આંતર પદાર્થ ઉપર આધારિત છે. આ મુશ્કેલી દૂર કરવા માટે સૃષ્ટિદૃષ્ટિવાદે પ્રયત્ન કર્યો છે.

આ મત પ્રમાણે, આ ભિન્નરૂપાત્મક જગતના બધાં નામરૂપોનું સર્જન ઇશ્વરે કર્યું છે અને તે સૃષ્ટિ વ્યક્તિગત જીવની કોઇપણ પ્રકારે આડે આવતી નથી. સંબંધ રાખતી નથી. પરંતુ આ જીવ પોતે જ પોતાનું નવું જગત સર્જે છે અને સુખ અને દુ:ખના વિચાર વડે તેનો તે અનુભવ કરે છે. સુખ દુ:ખને સર્જે છે. આ સૃષ્ટિદૃષ્ટિવાદમાં પણ ઇશ્વરને જીવનું દ્વૈત અને સૃષ્ટિની સત્યતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

## (૪) અવચ્છેદવાદ

સૃષ્ટિદૃષ્ટિવાદ પણ આ સમસ્યાનું નિરાકરણ કરી શક્યો નહીં ત્યારે બ્રહ્મની મર્યાદાઓ - ઘટાકાશ અને મહાકાશનાં દૃષ્ટાન્તોમાં સૂચિત મર્યાદાઓ કલ્પીને અવચ્છેદવાદ નામનો સિધ્ધાન્ત આ અંગે રજૂ કરવામાં આવ્યો.

આ અપરિમિત બ્રહ્મમાં માયા વડે જન્મેલી ખોટી મર્યાદાઓના પરિણામે જગતનાં નામરૂપો સૃષ્ટિ અને દૃષ્ટિ આ સર્વનો ભેદ ઉત્પન્ન દેખાય છે.

મર્યાદાઓને કારણે દેખાતો ભેદ એટલે અવચ્છેદ. આ અવચ્છેદ સત્યજ્ઞાન થતાં દૂર થાય છે. આ ભેદ મર્યાદા ત્રણ પ્રકારની વર્ણવાઇ છે. ૧. પોતાનામાં જ મર્યાદા- આત્મગત. ૨. એક જ જાતિના પદાર્થો સાથેની મર્યાદા -ભેદ - સજાતીય ૩. બીજી જાતિના પદાર્થો સાથેની મર્યાદા - ભેદ - વિજાતીય ૧. જેમ વૃક્ષને પોતાનાં માં ડાળી, પાંદડાંમાં ભેદ હોય છે તે આત્મગત ભેદ. ૨. એક વૃક્ષને જેમ બીજાં વૃક્ષો સાથેનો ભેદ હોય છે તે સજાતીય ભેદ ૩. વૃક્ષોનો ઇતર પદાર્થો - પશુ, પંખી માણસ ઇત્યાદિ સાથેનો ભેદ હોય છે તે વિજાતીય ભેદ. આ ત્રણ પ્રકારના ભેદને કારણે પ્રગટતી મર્યાદાઓ પણ ત્રણ પ્રકારની હોય છે.

જીવનો જીવ તરીકેનો જન્મ આ મર્યાદાઓને કારણે જ છે. વસ્તુત: અપરિમિત અમર્યાદ અનંત પરબ્રહ્મમાં જીવપણાનો ભાવ સંભવતો જ નથી. આ દ્વૈતમાંથી મુક્ત થવું એ જ પરમ સત્ છે.

અવચ્છેદવાદ બીજી રીતે જોઇએ તો અધ્યાસના સિધ્ધાંતનું જ પુનરાવર્તન છે એમ માનનારાઓ પ્રતિબિંબવાદ રજૂ કરે છે.

## (૫) પ્રતિબિંબવાદ

આ સિધ્ધાન્ત પ્રમાણે મૂળ બિંબ- પરબ્રહ્મનું જ પ્રતિબિંબ જ અનેક પ્રકારે પ્રકૃતિમાં દેખાય છે, અને આ પ્રતિબિંબને કારણે જ ભિન્નરૂપાત્મક જગત પણ દેખાય છે. આ સિધ્ધાન્ત પણ નિરાકરણ કરી શકે તેમ નથી. પરબ્રહ્મથી વ્યતિરિક્ત

એવો કયો પદાર્થ છે કે જેમાં બિંબનું પ્રતિબિંબ પડી શકે ? એવા કોઇ સત્ય પદાર્થનું અસ્તિત્વ જ નથી.

(૬) અજાતવાદ

અજાતવાદનો સિધ્ધાન્ત સર્વમાન્ય અને તર્કપૂર્ણ સિધ્ધાન્ત છે. આ સિધ્ધાન્ત પ્રમાણે જગત અને જીવનું કોઇ પણ સ્વરૂપમાં અને કોઇપણ પ્રકારે જુદું અસ્તિત્વ વસ્તુતઃ છે જ નહીં, વિવર્ત, સૃષ્ટિ, દૃષ્ટિ, અવચ્છેદ અથવા પ્રતિબિંબ આ બધાં સ્વરૂપો અસત્ય જ છે. એ રીતે કશાનું અસ્તિત્વ જ નથી. બધું પરબ્રહ્મમય છે. વસ્તુતઃ કશાનો જન્મ જ થયો નથી. જગત અને જીવ બન્ને અજાત છે- કોઇનો પણ જન્મ થયો જ નથી. વસ્તુતઃ કશાનો જન્મ થયો જ નથી. એ પરબ્રહ્મનાં જ સ્વરૂપો છે. આને જ પ્રૌઢીવાદ પણ કહેવામાં આવ્યો છે, કારણ કે આ સિધ્ધાન્ત સર્વથા સત્ય, યથાર્થ અને તર્કયુકત છે.

આ એક જ સિધ્ધાન્ત અદ્વૈત તત્વજ્ઞાન સાથે સંપૂર્ણપણે સમરૂપતા ધરાવે છે. આ એક જ તર્કપૂર્ણ સિધ્ધાન્ત છે કે જેમાં જગતનો કોઇપણ અર્થમાં કે કોઇપણ અવસ્થામાં સ્વીકાર કરવામાં આવ્યો નથી. એટલું જ નહીં પણ જગતની ઉત્પત્તિનો વંધ્યાપુત્ર કે સસલાના શિંગડાની માફક સર્વથા ઇન્કાર કરવામાં આવ્યો છે. અને એટલે જ આ સિધ્ધાન્ત અજાતવાદ તરીકે ઓળખાય છે. આ સિધ્ધાન્ત અનુસાર શ્રી. ગૌડ-પાદાચાર્ય જગત અને બ્રહ્મના કાર્યકારણ ભાવનો પણ સર્વથા ઇન્કાર કરે છે. અદ્વૈત તત્વજ્ઞાનનું આ જ ઉચ્ચોચ્ચ શિખર છે.

મોક્ષમાર્ગ અને તેનાં સાધનો

પરબ્રહ્મ સાથેના તાદાત્મ્ય અદ્વૈતનું પ્રત્યક્ષ જ્ઞાન અનુભવ એ જ મોક્ષનું મુખ્ય સાધન છે. અપરોક્ષાનુભવ તરીકે ઓળખાતા આ પ્રત્યક્ષ જ્ઞાનની પ્રાપ્તિ માટે મુમુક્ષુ માટે શ્રી. શંકરાચાર્ય સાધન ચતુષ્ટય ગણાવે છે.

૧. નિત્ય અને અનિત્ય વસ્તુઓ વચ્ચેનો વિવેક - નિત્યાનિત્યવિવેક
૨. આ જન્મમાં અને તે પછી પણ કર્મફળના ઉપભોગના ત્યાગની પ્રબળ ભાવના -વૈરાગ્ય.
૩. ષટ્ સંપત્તિ

અ. શમ- મનનો સંયમ
બ. દમ- બધા વિષયોમાંથી બાહ્ય ઇન્દ્રિયોનું દમન

ક. ઇન્દ્રિયોનું દમન કર્યા પછી વિષયોના ઉપભોગમાં ફરીથી આ ઇન્દ્રિયો ન લલચાય તેવી શક્તિ - ઉપરતિ.

ડ. સખત ગરમી, સખત ઠંડી અને એવી બીજી મુશ્કેલીઓ સહન કરવાની શક્તિ— તિતિક્ષા.

ઇ. મનની સતત લીનતા- ધર્મગ્રન્થોના શ્રવણ બાદ મનની સતત ધ્યાન-લીનતા- સમાધાન.

ઉ. ગુરુએ શીખવેલા જ્ઞાન પ્રમાણે વેદાન્તના ગૂઢ સત્યોમાં શ્રધ્ધા.
અને છેલ્લે —

૪. આધ્યાત્મિક મુક્તિ માટેની અદમ્ય ઇચ્છા- મુમુક્ષુતા.

ધર્મગ્રન્થોએ નિર્દિષ્ટ કરેલા નીતિના નિયમોનો સાધકે અમલ કરવો જોઇએ. સાધકનું મન સંપૂર્ણતઃ વિશુધ્ધ ન થાય ત્યાં સુધી સાધકે જ્ઞાનના માર્ગના આગળ વધવા માટે ધાર્મિક ફરજોનું પાલન કરવું જોઇએ. મનની વિશુધ્ધિ પ્રાપ્ત કરવા માટે કામ્ય અને નિષિધ્ધ કર્મોનો ત્યાગ તથા નિત્ય અને નૈમિત્તિક કાર્યોનું પાલન અત્યંત આવશ્યક છે. નિત્ય અને નૈમિત્તિક કાર્યોનું પાલન મનની સંપૂર્ણ વિશુધ્ધિ પ્રાપ્ત ન થાય અને તે દ્વારા પરબ્રહ્મને જાણવાની પૂર્ણ ઇચ્છા મનમાં જન્મે નહીં ત્યાં સુધી કરવું જોઇએ. પરબ્રહ્મની પ્રાપ્તિ થકી જ તેનો ત્યાગ થઇ શકે.

મનની વિશુધ્ધિ પ્રાપ્ત કરાવે તેટલા પૂરતી આ વૈદિક ધર્મની ધાર્મિક ક્રિયાઓનું મહત્ત્વ રહે છે. જીવનના ચતુર્થ તબક્કામાં સંન્યાસી માટે તો આ ધાર્મિક ક્રિયાઓના ત્યાગ ઉપર આધારિત અન્ય કાર્યો જ કરવાના રહે છે.

પ્રવૃત્તિમય જીવનની ફરજોનો ત્યાગ સાધન ચતુષ્ટય દ્વારા મનની સંપૂર્ણ વિશુધ્ધિ પ્રાપ્ત કરેલી વ્યક્તિ જ કરી શકે. આંતર ત્યાગ માટે વૈદિક ધર્મની ધાર્મિક ક્રિયાઓમાં પૂરતી જોગવાઇ બીજાઓ માટે છે.

બધીજ પ્રવૃત્તિઓ તથા ઇન્દ્રીયોના આનંદનો ત્યાગ કરવા માટેના સન્યાસના બે પ્રકાર છે.

૧. વિવિદિષા સંન્યાસ - પરબ્રહ્મને જાણવાની અદમ્ય ઇચ્છા સાથે કરવામાં આવેલો ત્યાગ.

૨. વિદ્વત્ સંન્યાસ - બ્રહ્મને જાણનાર વિદ્વાનનો ત્યાગ - બીજા પ્રકારનો ત્યાગ માત્ર બ્રહ્મજ્ઞાની માટે છે.

## પરબ્રહ્મને જાણવા માટેની પધ્ધતિ

પરબ્રહ્મને જાણવા માટેનો વેદાન્તનો માર્ગ જ્ઞાન માર્ગ તરીકે ઓળખાય છે. માયા અથવા અવિદ્યા તેની આવરણ અને વિક્ષેપની બે શકિતઓ સાથે જીવમાં વિવિધ પ્રકારનો ભ્રમ પેદા કરે છે અને તેને સત્ય જ્ઞાન- અપરોક્ષાનુભવથી અજ્ઞાત રાખે છે.

ભિન્નતાનો વિલય જ્ઞાન અથવા અનુભવમાં સમાપ્ત થાય છે. પ્રકૃતિનાં રૂપો અંતઃકરણ – મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકારને જન્માવે છે. ચિત્તના અંતઃકરણમાં વ્યકત થતા પ્રતિબિંબને કારણે મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચાર અંતર્ગત પરિણામો જન્મે છે.

માનવીની અંતર્ગત ભૂમિકામાં મન,બુધ્ધિ, ચિત્ત અને અહંકાર અગત્યના છે. આ અંતઃકરણ ચતુષ્ટયનો લય એ જ સત્યજ્ઞાન વા શાશ્વત મોક્ષ ચિત્ત ને અહંકાર વડે ભેદ દૃષ્ટિ પ્રગટાવતા લિંગ દેહ પર જ જીવનું સ્વરૂપણ નિર્ધારિત છે. પરબ્રહ્મના સત્યજ્ઞાન વડે જીવ સ્વરૂપનો વિલય થતાં જીવાત્મા પરમાત્મા સાથે તાદાત્મ્ય અનુભવે છે. આવા જીવન્મુકતને કર્મનો નિયમ સ્પર્શતો નથી.

અદ્વૈતવાદીનો પરમ આનંદ આમ, પરમસત્ જ્ઞાનની પ્રાપ્તિમાં જ રહેલો છે. જે પછી જીવાત્મા પરમાત્માની સાથે એકત્વનો સનાતન અનુભવ કરે છે.

## મોક્ષનું સ્વરૂપ

માણ્ડૂકય ઉપનિષદ્‌માં રજૂ થયેલી ઉદ્દાલક અને શ્વેતકેતુની કથા જાણીતી છે. શ્વેતકેતુ પોતાના ગુરુને ત્યાંથી ઘણાં વર્ષો વિધ્યાભ્યાસ કર્યા પછી ઘેર પાછો ફર્યો. શ્વેતકેતુએ પોતાના અભ્યાસમાં પ્રાપ્ત કરેલી નિપુણતાના બણગાં ફૂંકવા માંડયાં. ત્યારે તેના પિતા ઉદ્દાલકે તેને કહ્યું: એક જ વસ્તુ જાણ્યાથી બધી વસ્તુ જાણી શકાય છે. એ વસ્તુ કઇ છે તેની તને ખબર છે. શ્વેતકેતુ જવાબ આપી શકયો નહીં, અને ગુરુએ નહીં આપેલુ એવું આ જ્ઞાન પોતાને આપવા પોતાના પિતાને જણાવ્યું. ઉદ્દાલકે શ્વેતકેતુને સમજાવ્યું કે માટીના એક પિંડને જાણવાથી જેમ માટીમાંથી બનેલી બધી વસ્તુઓ જાણી શકાય છે કારણ કે એક જ વસ્તુ માટીનાં જ બધાં નામરૂપો છે, તેવી જ રીતે સર્વના આધારભૂત એક સતને જાણવાથી આપણે બધું જાણી શકીએ છીએ. આ પરમસત્ તરા પોતાના આત્મા વિના બીજું કશું જ નથી. આમ, એક જ વસ્તુ આત્મા પરમાત્માને જાણવાથી બધું જાણી શકાય છે. આમ,

ભિન્નતામાં એકતા રહેલી છે, અને આ જ પરમ આનંદ છે.

મોક્ષપ્રાપ્તિ કરાવતું સાચું જ્ઞાન - પરા જ ભેદદૃષ્ટિનો વિલય કરવાને શક્તિમાન છે. અભેદદૃષ્ટિ આચરણમાં ન પરિણમે તો તેનો કશો જ અર્થ નથી. કીટ ભ્રમર ન્યાયના દૃષ્ટાંત વડે સાચા જ્ઞાનનું સ્વરૂપ વેદાન્તમાં સમજાવ્યું છે. અભેદ દૃષ્ટિને વ્યવહાર જીવનના આચરણમાં મૂકનારનું જ્ઞાન જ અપરોક્ષ જ્ઞાન હોઇ તે વડે જ આત્માનું વિશુધ્ધ સ્વરૂપ પ્રાપ્ત થઇ શકે છે.

માયા- અવિદ્યા તેની આવરણ અને વિક્ષેપ શક્તિ વડે જીવમાં ભ્રમણાઓ જન્માવે છે પરિણામે જીવને પોતાનું સાચું જ્ઞાન - અપરોક્ષાનુભવ પ્રાપ્ત થતો નથી. જીવનું જીવપણું- અહંકારનો વિલય થતાં અભેદ દૃષ્ટિ આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત થાય છે. ચિત્ત અને અહંકાર વડે ભેદદૃષ્ટિ જન્માવતા લિંગ દેહ- અંતઃકરણો- મન, બુધ્ધિ ચિત્ત અને અહંકારનો લય થતાં બ્રહ્મના સાચા સ્વરૂપનું જ્ઞાન થાય છે અને જીવાત્મા પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. ભગવદ્ગીતામાં એટલે જ કહ્યું છે કે ચિત્ત અને અહંકારથી મુક્ત થઇને જે તેનાથી ત્રણે લોકનો નાશ કરે તો પણ તે ... ... ... બંધન પામતો નથી.[૧૨૭] - સર્વદા મુક્ત રહેનાર આવો આત્મજ્ઞાની જીવન્મુક્ત છે. આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી કોઇપણ પ્રકારના કર્મોથી તે લેપાતો નથી. આવા આત્મજ્ઞાનીનાં કર્મો માટે જ ભગવદ્ગીતાકાર શ્રીકૃષ્ણે કહ્યું છે કે સત્ય જ્ઞાનના અગ્નિ વડે બધાં કર્મો ભસ્મીભૂત થઇ જાય છે. જીવ પોતાના શુધ્ધ સ્વરૂપનું જ્ઞાન સર્વ મર્યાદાઓમાંથી મુક્ત થઇને પોતાના જીવપણાનો ત્યાગ કરીને પ્રાપ્ત કરે છે. ત્યારે તે પરબ્રહ્મની સાથે તાદાત્મ્ય અનુભવે છે. આ સત્યજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જીવને માટે કર્મનો સનાતન નિયમ રહેતો નથી.

અદ્વૈત મતાનુસાર આનંદનો સંબંધ પરમસત્યના જ્ઞાનની પ્રાપ્તિ સાથે છે. ખોટી ભ્રમણા- અધ્યાસ અથવા ભિન્નપણાની દૃષ્ટિ - અવચ્છેદ ચિત્તની સાથે પ્રકૃતિના કાર્યોના સંબંધને પરિણામે જન્મે છે. બધાં દુઃખો અવચ્છેદ અથવા અધ્યાસમાંથી જ જન્મે છે. કારણ કે વસ્તુતઃ ચૈતન્ય તો સત, ચિત્ત અને આનંદ સ્વરૂપ જ છે.

............

૧૨૭. यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाँल्लोकान् न हन्ति न निबध्यते ॥
भगवद्गीता १८:१७

ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ।
भगवद्गीता ४:३७

વસ્તુતઃ કોઇને કોઇ પ્રકારનું બંધન નથી અને એટલે જ મોક્ષ અથવા મોક્ષપ્રાપ્તિનો આનંદ પણ વસ્તુતઃ સંભવતો નથી. અધ્યાસ અથવા અવચ્છેદને કારણે પોતાના શુધ્ધ ચૈતન્ય સ્વરૂપના જ્ઞાનના અભાવને કારણે જીવને બંધને જેવું લાગે છે. બંધનનું કારણ અધ્યાસ અથવા અસત્યજ્ઞાનને કારણે પ્રગટેલા અવચ્છેદના મૂળમાં રહેલું છે. બન્ને સત્યજ્ઞાન વડે દૂર કરી શકાય એમ છે.

અભેદની દૃષ્ટિ દૂર થતાં જીવ પરબ્રહ્મ સાથેના તાદાત્મ્યના જ્ઞાનનો અનુભવ અંતરમાં કરે છે. શ્રી. શંકરાચાર્ય શારીરિક ભાષ્યના પ્રારંભમાં જ કહે છે કે મોક્ષ એ કોઇ પ્રાપ્ત કરવાની વસ્તુ અથવા ઉત્પન્ન કરવાની કોઇ સ્થિતિ નથી. એ તો જીવનો પોતાનો જ શુધ્ધ સ્વભાવ છે. જે અનુભવ અજ્ઞાનને કારણે જીવ પોતે કરી શકતો નથી. વેદાન્તના આ બધા ઉપદેશો આ અજ્ઞાનને દૂર કરવા માટેના જ છે.

આ અંગે વેદાન્તમાં પ્રચલિત કંઠમણિન્યાયનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. પોતાની પાસે જ કંઠમાં પહેરેલો મણિજડિત હાર ખોવાઇ ગયો છે એમ માનીને તેને શોધવા જનાર વ્યકિતના જેવી જીવની અજ્ઞાની દશા છે. જીવની પોતાની ભેદદૃષ્ટિ દૂર થતાં તે જીવ પરમ આનંદનો અનુભવ કરી શકે છે. પરંતુ તેમ કરવાને બદલે જીવ પરમ આનંદની શોધ બહાર જ કર્યા કરે છે. સત્ય જ્ઞાન વડે એકતા પ્રાપ્ત કર્યા પછી કોઇ દુઃખ સંભવતુ નથી. મોક્ષની પ્રાપ્તિ કરાવતા જ્ઞાનનાં સાત પગથિયાં વેદાન્ત ગણાવે છે—શુભેચ્છા, વિચારણા તનુમાનસા, સત્ત્વાપત્તિ, અસંસકિત, પદાર્થભાવિની અને તુરીય—કૈવલ્યની સ્થિતિ છે. કૈવલ્ય મોક્ષને વસ્તુગતિ પણ કહે છે. પ્રાપ્ત કરવાની કોઇ વસ્તુ કે ઉત્પન્ન કરવાની કોઇ સ્થિતિ નથી. જ્ઞાન દ્વારા એકતાનો અનુભવ એ જ પરમ આનંદ છે. સત્યજ્ઞાન દ્વારા આ સર્વ પરબ્રહ્મમય છે એ મહાવાકયનો પ્રત્યક્ષ અનુભવ કરનાર જીવન્મુકત પરબ્રહ્મ સાથે પોતે તાદાત્મ્ય કૈવલ્ય અનુભવી પરમ આનંદ પ્રાપ્ત કરે છે.

<u>શ્રી. શંકરાચાર્યનું કૈવલાદ્વૈત અને શ્રી. ગૌડપાદાચાર્યનું અજાતવાદ</u>

બન્ને વિચારધારાના મૂળભૂત સિધ્ધાન્તો આપણે વિગતે જોઇ ગયા. કૈવલાદ્વૈત અને અજાતવાદ બન્નેમાં વાસનાક્ષય અને મનોનાશને આત્માનુભવ માટે આવશ્યક ગણાવ્યા છે.

શ્રી. ગૌડપાદાચાર્યના અજાતવાદમાં પારમાર્થિક, વ્યાવહારિક કે પ્રાતિભાસિક કોઇપણ અવસ્થામાં જગતના અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. જગતનું કોઇપણ પ્રકારે અસ્તિત્વ જ નથી. અજાત છે, એ અજાતવાદનો મૂળભૂત સિધ્ધાન્ત હોઇ, જગતના ભ્રામક દૃશ્યપ્રપંચનું કારણ મનના વિચારોને ગણાવ્યું હોઇ શ્રી. ગૌડપાદાચાર્ય માને છે કે મન અમન થતાં મનોનાશ થતાં આત્મા સ્વસ્વરૂપ પ્રાપ્ત કરે છે.

શ્રી. શંકરાચાર્યના કેવલાદ્વૈતમાં વ્યાવહારિક અને પારમાર્થિક એમ બે પ્રકારના સત્ ગણાવી જગતના પરબ્રહ્મ રૂપે પ્રતીત થતા અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે. એટલું જ નહીં પણ વ્યાવહારિક અનુભવનો માયાના તત્વ વડે યથાર્થ પરિચય કરાવ્યો છે. બન્નેના સાધનમાર્ગમાં વાસનાક્ષય મનોનાશને મહત્વ અપાયું હોઇ તેમાં રહેલી સમાનતા સ્પષ્ટ થાય છે.

શ્રી. શંકરાચાર્યના તત્વજ્ઞાન સામાન્ય જનસમાજ સમજી શકે તે રીતે તર્કપૂર્ણ પધ્ધતિ પર રચાયેલું છે એટલે શ્રી. શંકરાચાર્ય વ્યાવહારિક અને પારમાર્થિક એવી બે વિભિન્ન કક્ષાએ જગત પરબ્રહ્મનો સંબંધ દર્શાવ્યો છે અને એ રીતે એમણે સામાન્ય જનસમાજને થતા વિશ્વના વ્યાવહારિક અનુભવનો રદિયો આપવાનો પણ પ્રયત્ન કર્યો છે.

શ્રી. ગૌડપાદાચાર્યે અજાતવાદમાં જગતના વ્યાવહારિક અનુભવનો સ્વીકાર કર્યો નથી, એટલે શ્રી. ગૌડપાદાચાર્યે માયાના તત્વની કે જગતની ઉત્પત્તિ અંગેની ચર્ચા કરી નથી.

અજાતવાદ અને કેવલાદ્વૈત વચ્ચે આટલો મૂળભૂત તફાવત છે. પારમાર્થિક દૃષ્ટિએ તપાસીએ તો વેદાન્ત તત્વજ્ઞાનની વિભિન્ન ધારાઓમાં શ્રી. ગૌડપાદાચાર્યનું અજાતદર્શન સર્વોત્તમ છે.

ॐ